કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક

# વાવડ

RNI No. 27550/74 BHUJ

તંત્રી : રામ કરશનદાસ ઠક્કર ★ કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર

Reg. NO. G-KCH-018/2024/26
PRG એક્ટ હેઠળ પ્રકાશન માટે જવાબદાર
www.vavaddaily.com
E-mail : vavaddaily@gmail.com
પત્ર વ્યવહારનું સરનામું
વાવડ કાર્યાલય
'અક્ષરધામ' ૧૦૪/એ, લોટસ કોલોની , ભુજ.
મોબાઈલ : 98797 65225

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER, Printed at JAHNAVI Offset, 105/B, Lotus colony BHUJ-KUTCH 370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH, Editor RAM KARSHANDAS THACKER


## વચનામૃત



ભગવાનની ઈચ્છાએ કરીને જેવી જેવી રીતે સત્સંગની વૃદ્ધિ થતી જાય તેવી તેવી રીતે રાજી રહેવું. પછી એ ભગવાનની ઈચ્છા હોય તો બધું જગત સત્સંગી થાઓ અથવા એની ઈચ્છાએ સર્વે સત્સંગી મટી જાઓ, પણ કોઈ રીતે હર્ષ શોક મનમાં ધારવો નહિ. એ ભગવાનનું કર્યું સર્વે થાય છે. માટે સુકું પાંદડું જેમ વાયુને આધારે ફરે તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહિ. (ગ.પ્ર.પ્ર.૭૪).



તંત્રી સ્થાનેથી...

## સાવધાન

# ઓપરેશન સિંદૂરની ચોટ પછી પાકિસ્તાનનો નવો આતંકી ખેલ !

@ રામ કરશનદાસ ઠક્કર

પાકિસ્તાનને કદાચ હજી સુધી ઓપરેશન સિંદૂરની ચોટમાંથી બહાર આવવું મુશ્કેલ પડી રહ્યું છે. ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આવેલા આતંકવાદી ઠેકાણાં પર કરેલી સચોટ કાર્યવાહીથી એક વાત સ્પષ્ટ કરી દીધી હતી કે, આતંકવાદીઓને આશ્રય આપીને ભારતને લોહીલુહાણ કરવાની જૂની પાકિસ્તાની નીતિ હવે ભારત સહન કરવાનું નથી. છતાં પાકિસ્તાનની માનસિકતા બદલાઈ નથી. હવે તે પોતાની જૂની આતંકી ફેક્ટરીને નવા સ્વરૂપે ચલાવવાની તૈયારીમાં હોવાનું સુરક્ષા એજન્સીઓના ઈનપુટ સૂચવે છે.

આ વખતે પાકિસ્તાનની વ્યૂહરચના મોટા આતંકી કેમ્પ ઊભા કરવાની જગ્યાએ નાના-નાના મોડ્યુલ તૈયાર કરવાની હોવાનું કહેવાય છે. એક મોટો કેમ્પ ભારતીય સુરક્ષા એજન્સીઓના નિશાન પર આવે તો આખું માળખું તૂટી શકે. પરંતુ આતંકવાદીઓના નાના જૂથો અલગ-અલગ સ્થળે છુપાવીને રાખવામાં આવે તો સમગ્ર નેટવર્કને એકસાથે નષ્ટ કરવું મુશ્કેલ બને. આ જ કદાચ પાકિસ્તાનની નવી ચાલ છે. આ વ્યૂહરચનામાં, ભારતમાં ફરી માત્ર કેટલાક આતંકવાદીઓ ઘૂસાડવા પૂરતું જોખમ નથી, બલ્કે આતંકવાદને એક કેન્દ્રિત સંગઠનના બદલે વિકેન્દ્રિત નેટવર્કમાં ફેરવવાના પ્રયાસ થઈ રહ્યાનો ખતરો છે. તાલીમ એક જગ્યાએ, હથિયાર બીજી જગ્યાએ, નાણાં ત્રીજી જગ્યાએ અને આતંકી મોડ્યુલ ચોથી જગ્યાએ, આ રીતે નેટવર્ક ઊભું કરવામાં આવે તો સુરક્ષા એજન્સીઓ માટે પડકાર ચોક્કસપણે વધે.

ઓપરેશન સિંદૂરે તેના આતંકવાદી માળખાને માત્ર ભૌતિક નુકસાન પહોંચાડ્યું નથી; આતંકવાદીઓના મનોબળ પર પણ પ્રહાર કર્યો છે. હવે તે મનોબળ ફરી ઊંચું કરવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની આશંકા છે. જમ્મુ-કાશ્મીરમાં કોઈ મોટો હુમલો કરવામાં આવે તો તેનો એક હેતુ માત્ર જાનમાલનું નુકસાન કરવાનો નહીં, પરંતુ દુનિયાને એ બતાવવાનો હશે કે ભારતની કાર્યવાહી છતાં પાકિસ્તાન આધારિત આતંકી નેટવર્ક જીવંત છે. આ સંદર્ભમાં બહાવલપુર જેવા આતંકવાદી સંગઠનોના પરંપરાગત ગઢોમાં ફરીથી પ્રવૃત્તિઓ શરૂ થવાના અહેવાલો પણ ચિંતાજનક છે. જો જૈશ-એ-મોહમ્મદ, લશ્કર-એ-તૈયબા જેવા સંગઠનોના જૂના માળખાને ફરી સક્રિય કરવાનો પ્રયાસ થઈ રહ્યો હોય તો તે પાકિસ્તાનની નીતિમાં પરિવર્તન નહીં, પરંતુ આતંકવાદના જૂના હથિયારને નવી પદ્ધતિથી વાપરવાનો પ્રયાસ છે.

અહીં તુર્કીની ભૂમિકા અંગેના અહેવાલો પણ ધ્યાન ખેંચે છે. જો ખરેખર પાકિસ્તાન વિદેશી લડવૈયાઓ અથવા બહારના તત્ત્વોની મદદથી પોતાની આતંકી ક્ષમતા વધારવાનો પ્રયાસ કરી રહ્યું હોય તો આ માત્ર ભારત માટેનો નહીં, પરંતુ સમગ્ર પ્રદેશની સુરક્ષા માટેનો પ્રશ્ન છે. તે સાથે પાકિસ્તાનની આ નવી નીતિ તેના પરનું જોખમ વધારી શકે છે. એ કંઈ પણ કરે તેથી ભારતીય સેનાના હોસલામાં કોઈ ફરક પડવાનો નથી. એ વિવિધ જગ્યાએ હુમલા કરીને વધુમાં વધુ આતંકી અડ્ડાઓને સાફ કરવા વ્યાપક હુમલા કરવાની ક્ષમતા ધરાવે છે. જેથી પાકિસ્તાનને સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવી પડશે. નાના કે મોટા જેટલા અડ્ડા, તે પ્રમાણે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા પર ધ્યાન આપવું પડશે. પાકિસ્તાને સમજવું જોઈએ કે, આતંકવાદ હવે તેના માટે સસ્તું અને જોખમમુક્ત હથિયાર રહ્યું નથી. ઓપરેશન સિંદૂરે એ યુગનો અંત સૂચવ્યો છે, જેમાં પાકિસ્તાન આતંકવાદીઓને ભારત સામે મોકલે અને પોતે તેનાથી હાથ ખંખેરી લે. હવે આતંકવાદી માળખું પાકિસ્તાનની ધરતી પર હશે તો તેની જવાબદારી પણ પાકિસ્તાનની જ ગણાશે.

ભારત માટે પણ આ ચેતવણીને ગંભીરતાથી લેવાનો સમય છે. સરહદ પર માત્ર સૈનિકોની સંખ્યા વધારવી પૂરતી નથી. નાના આતંકી મોડ્યુલની સંભાવના સામે ગુપ્તચર તંત્ર, સાયબર મોનિટરિંગ, નાણાકીય પ્રવાહ પર નજર, સરહદી વિસ્તારોમાં માનવ ગુપ્તચર માહિતી અને આંતરિક સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરવાની જરૂર છે. પાકિસ્તાન કદાચ વિચારે છે કે મોટા કેમ્પો તોડી પાડવામાં આવ્યા પછી, નાના કેમ્પો દ્વારા ફરી આતંકવાદ ઊભો કરી શકાય. પરંતુ તેણે એક વાત ભૂલવી ન જોઈએ કે, કેમ્પનું કદ નાનું થઈ શકે, ભારતની નજર નહીં. ઓપરેશન સિંદૂરે પાકિસ્તાનને જે સંદેશ આપ્યો હતો તે અત્યંત સ્પષ્ટ હતો, આતંકવાદી હુમલો થશે તો જવાબ માત્ર આતંકવાદીઓ સુધી મર્યાદિત રહેશે, એવી ખાતરી હવે પાકિસ્તાન રાખી શકે નહીં. હવે જો પાકિસ્તાન ફરીથી એ જ રસ્તે આગળ વધે છે તો તે આતંકવાદીઓને કેટલી ઝડપથી તૈયાર કરશે ભારત તેમની સામે તેટલી ઝડપથી અને વધુ વ્યાપક અને કડક કાર્યવાહી કરશે. સિંદૂર પછી પણ જો પાકિસ્તાન આતંકવાદની નવી પેઢી ઊભી કરવાની તૈયારી કરી રહ્યું હોય તો તેને સમજવું જોઈએ કે, ભારતની ધીરજને નબળાઈ સમજવાની તેની જૂની ભૂલ તેને ફરી ભારે પડી શકે છે.

સુરક્ષા એજન્સીઓ હાલમાં આગામી મહિનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ખાસ કરીને નવેમ્બર અને ડિસેમ્બર માટે સતર્કતા વધારી દેવામાં આવી છે. ગુપ્તચર માહિતી સૂચવે છે કે પાકિસ્તાન આ મહિનાઓ દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં મોટો આતંકવાદી હુમલો કરી શકે છે. જો કે, હાલમાં આને ફક્ત ગુપ્તચર માહિતી અને સંભવિત ખતરા તરીકે જોવામાં આવી રહ્યું છે, પુષ્ટિ થયેલ હુમલા તરીકે નહીં.

## કિર્ગીસ્તાનથી વડાપ્રધાનનો સેલ્ફીસ્ટાઈલ વીડીયોથી ખાસ મેસેજ

# આર્થિક વિકાસથી મોદી ખુશ : ફરી 'સ્વદેશી'નું આહ્વાન

બિશ્કેક (કિર્ગિસ્તાન), તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને બિનજરૂરી વિદેશ પ્રવાસો ટાળવા, વિદેશમાં જઈને લગ્ન ન કરવા અને અત્યંત જરૂરી ન હોય ત્યાં સુધી સોનું ખરીદવાનું ટાળવા અપીલ કરી છે.

શંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈ-ઝેશન (એસસીઓ) સમિટમાં ભાગ લેવા માટે કિરગિઝસ્તાનના બિશકેક પહોંચેલા વડાપ્રધાને એક સેલ્ફી વિડીયો સંદેશ મારફતે દેશવાસીઓને આ વિનંતી કરી હતી.

પોતાના સંદેશમાં પીએમ મોદીએ દેશનાં ૭.૮ ટકા આર્થિક વિકાસ દર બદલ દેશવાસીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે વૈશ્વિક અસ્થિરતા, યુદ્ધો અને સપ્લાય ચેઈનની સમસ્યાઓ હોવા છતાં ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. આવી સ્થિતિમાં આપણે સ્વદેશી ચીજવસ્તુઓ અને આત્મનિર્ભરતા પર વધુ ભાર મૂકવાની જરૂર છે.

વડાપ્રધાને ભારપૂર્વક કહ્યું હતું કે, જો વિદેશ પ્રવાસ માત્ર ફરવા-હરવા માટે હોય તો તે ટાળવો જોઈએ. એ જ રીતે વિદેશમાં જઈને લગ્ન કરવાનો ટ્રેન્ડ પણ અટકાવવો જોઈએ. તેમણે ઉમેર્યું કે જો આપણે અત્યારથી જ સ્વદેશીનો આગ્રહ રાખીશું, તો આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા પર આપણે આપણી યુવા પેઢીને એક પૂર્ણ વિકસિત ભારત ભેટ આપી શકીશું.

સરકારની નીતિઓ અને દાનત સ્પષ્ટ હોવાનું જણાવતાં પીએમ મોદીએ ઉમેર્યું કે ૧૪૦ કરોડ દેશવાસીઓની એકજૂથ તાકાત આજે દેશને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહી છે. આપણે સૌએ મળીને દેશનાં વિકાસની આ ગતિને સતત જાળવી રાખવાની છે, જેથી યુવાનોનાં તમામ સપનાઓ પૂરા થઈ શકે. બિશકેક ખાતે યોજાયેલી ૨૬મી SCO સમિટમાં વડાપ્રધાન મોદી ઉપરાંત ચીનનાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ, રશિયાનાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સહિતના વૈશ્વિક નેતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## રાહુલ ગાંધી પર પીએમ મોદીના આડકતરા પ્રહાર

નવી દિલ્હી, તા. ૧

પોતાના સંબોધન દરમિયાન પીએમ મોદીએ વિપક્ષ પર નિશાન સાધતાં જણાવ્યું હતું કે દેશ એક તરફ ઝડપી પ્રગતિ કરી રહ્યો છે, તો બીજી તરફ દેશની અંદર જ નિરાશામાં ડૂબેલાં કેટલાક લોકો ચારેય બાજુ 'જૂઠની ગૂંજ' ફેલાવવામાં વ્યસ્ત છે.

પીએમ મોદીનો આ 'જૂઠની ગૂંજ'વાળો કટાક્ષ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના 'છત્ર કી ગૂંજ' અભિયાન પર આડકતરો પ્રહાર માનવામાં આવે છે, જે વિદ્યાર્થીઓના મુદ્દાઓને લઈને ચલાવવામાં આવી રહ્યું છે.

# શાહબાઝ શરીફ સામે બેઠા હતા અને પીએમ મોદીએ ઉઠાવ્યો પહેલગામનો મુદ્દો

## પ્રધાનમંત્રીએ એસસીઓ બેઠકમાં આતંકવાદ પર કર્યા પ્રહાર

બિશ્કેક (કિર્ગિસ્તાન), તા. ૧

બિશ્કેકમાં એસસીઓ સમિટમાં, પીએમ મોદીએ આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે આપણે આતંકવાદ સામે એક થવું જોઈએ. તેમણે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ પર પણ વાત કરી.

બિશ્કેકમાં આયોજિત ૨૬મા એસસીઓ સમિટના સત્રને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સંબોધિત કર્યું. કિર્ગિસ્તાનમાં શાંઘાઈ કોઈ ઉકેલ મળતો નથી અને બધા યુદ્ધો અને સંઘર્ષોનો ઉકેલ વાતચીત અને રાજદ્વારી દ્વારા આવવો જોઈએ.



કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) સમિટમાં બોલતાં, પીએમ મોદીએ કહ્યું કે યુદ્ધના મેદાનમાં

હકીકતમાં, એસસીઓ સમિટ એવા સમયે થઈ રહી છે જ્યારે મધ્ય પૂર્વમાં યુદ્ધ ચાલી રહ્યું છે, જેની સીધી અસર ઉર્જા પુરવઠા અને વિશ્વભરની ઘણી અર્થવ્યવસ્થાઓ પર પડી છે. પોતાના સંબોધન દરમિયાન, પીએમ મોદીએ આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો અને વિશ્વને યાદ અપાવ્યું કે આતંકવાદ સામે બધાએ એક થવું જોઈએ. શાહબાઝ શરીફની હાજરીમાં, પીએમએ પુલવામા હુમલાનો પણ ઉલ્લેખ કર્યો.ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ઉપસ્થિત રહ્યા હતા. એસસીઓ સમિટના એક સત્ર દરમિયાન, પીએમ મોદીએ આતંકવાદ સામે સંયુક્ત લડાઈ માટે પણ હાકલ કરી હતી. વિશ્વને સંબોધતા, પીએમએ કહ્યું, "આપણે એક અવાજે કહેવું જોઈએ કે આતંકવાદના મામલે બેવડા ધોરણો માટે કોઈ સ્થાન હોઈ શકે નહીં.' જ્યારે પીએમ મોદીએ આતંકવાદ સામે એકતાનું આહ્વાન કર્યું ત્યારે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ પણ હાજર હતા.પીએમએ કહ્યું કે, આતંકવાદના સમગ્ર ઈકોસિસ્ટમ-તેના ભંડોળ, ભરતી, કટ્ટરપંથીકરણ અને સલામત આશ્રયસ્થાનોને તોડી નાખવા જોઈએ.શાહબાઝ શરીફની હાજરીમાં પાકિસ્તાનનું નામ લીધા વિના, વડા પ્રધાને કહ્યું, "કેટલાક દેશો દ્વારા આતંકવાદને ખુલ્લેઆમ સમર્થન આપણને સ્વીકાર્ય છે કે કેમ તે અંગે પ્રશ્ન થવો સ્વાભાવિક છે."વડા પ્રધાને સ્પષ્ટપણે કહ્યું કે ભારત છેલ્લા ચાર દાયકાથી આતંકવાદનો ભોગ બન્યું છે, અને ઘણી માતાઓએ પોતાના બાળકો ગુમાવ્યા છે અને ઘણા બાળકો અનાથ થયા છે. તાજેતરમાં, આપણે પહેલગામમાં આતંકવાદનું ભયાનક સ્વરૂપ જોયું. તેમણે આતંબકવાદને સંપૂર્ણ રીતે ખતમ કરવા પાકિસતાનને તેનું નામ લીધા વિના ગર્ભિતચેતવણી આપી હતી.

# ફેમિલી કોર્ટના ન્યાયાધીશો હવે હાઈકોર્ટના ન્યાયાધીશ નહીં બની શકે

## મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની બેન્ચે આપ્યો એક મહત્વપૂર્ણ ચુકાદો

નવી દિલ્હી, તા. ૧

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રના સાત ફેમિલી કોર્ટના ન્યાયાધીશો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરતી વખતે, જૂના એસડી જોશીના નિર્ણયને ફરીથી ખોલવાનો ઈનકાર કર્યો હતો. મહારાષ્ટ્રના સાત ફેમિલી કોર્ટના ન્યાયાધીશોએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. લાઈવ લોના અહેવાલ મુજબ, તેમની મુખ્ય માંગ એ હતી કે ફેમિલી કોર્ટના ન્યાયાધીશના પદને કલમ ૨૧૭(૨)(a) ના હેતુઓ માટે 'ન્યાયિક કાર્યાલય' ગણવામાં આવે, જેથી તેઓ બંધારણીય રીતે હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે લાયક બને. અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ આર. બસંતે દલીલ કરી હતી કે મહારાષ્ટ્રમાં ફેમિલી કોર્ટના ન્યાયાધીશો છેલ્લા ૩૬ વર્ષથી ન્યાયિક સેવામાંથી નિયુક્ત કરવામાં આવે છે અને બદલાયેલી વાસ્તવિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને અગાઉના નિર્ણય પર પુનર્વિચાર કરવો જોઈએ. જોકે, કોર્ટે જણાવ્યું હતું કે કલમ ૨૧૭ હેઠળ આ પ્રશ્ન પર પહેલાથી જ સ્પષ્ટ નિર્ણય છે.

વાસ્તવમાં, બંધારણની કલમ ૨૧૭ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક માટેની લાયકાત નક્કી કરે છે. કલમ ૨૧૭(૨)(a) હેઠળ, પાત્રતા માટેના માપદંડોમાંનો એક એ છે કે વ્યક્તિએ ઓછામાં ઓછા દસ વર્ષ સુધી ભારતના પ્રદેશમાં ન્યાયિક પદ સંભાળ્યું હોવું જોઈએ. આ શબ્દનું અર્થઘટન આ વિવાદના કેન્દ્રમાં છે. તેથી, વિવાદ ફક્ત એ નહોતો કે ફેમિલી કોર્ટના ન્યાયાધીશ ન્યાયિક કાર્યો કરે છે કે નહીં. વાસ્તવિક બંધારણીય પ્રશ્ન એ હતો કે શું ફેમિલી કોર્ટના ન્યાયાધીશનું પદ કલમ ૨૧૭ ના ચોક્કસ અર્થમાં ન્યાયિક પદ બનાવે છે.

# એસસીઓ સમિટમાં પીએમ મોદી અને શી જિનપિંગ વચ્ચે વાતચીત

બિશ્કેક, તા. ૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાલમાં કિર્ગિસ્તાનના પ્રવાસે છે. બિશ્કેકમાં એસસીઓ સમિટ ચાલી રહી છે. પીએમ મોદી કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ સ્ટેટ્સ મીટિંગમાં પણ ભાગ લઈ રહ્યા છે. આ સમિટમાં પીએમ મોદી શું કહેશે તેના પર આખી દુનિયાની નજર છે.પીએમ મોદી ફરી એકવાર વિશ્વની વર્તમાન પરિસ્થિતિ પર પોતાનું વલણ સ્પષ્ટ કરી શકે છે. બેઠક પહેલા એસસીઓ નેતાઓનો ગ્રુપ ફોટો પણ લેવામાં આવ્યો હતો. છે. આ પહેલાં સોમવારે શરૂઆતમાં પીએમ મોદી રશિયાના રાષ્ટ્રપતિ



ફોટોશૂટ પછી, પીએમ મોદી અને શી જિનપિંગ વચ્ચે વાતચીત થઈ, જેનો વીડિયો સામે આવ્યો છે.

કિર્ગિસ્તાનના બિશ્કેકમાં ૨૬મા એસસીઓ સમિટમાં હાજરી આપતી વખતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાતચીત કરી હતી. આ બેઠકનો એક વીડિયો પણ સામે આવ્યો છે. આ સમિટ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (એસસીઓ)ની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે યોજાઈ રહી છે. ભારત ૨૦૧૭ થી આ સંગઠનનું પૂર્ણ સભ્ય છે. આ સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન અને અન્ય ઘણા વિશ્વ નેતાઓ ભાગ લઈ રહ્યા વ્લાદિમીર પુતિનને મળ્યા હતા. બંને નેતાઓએ એકબીજાનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું, એકબીજાને ગળે લગાવ્યા અને પછી નોમાડ ગેમ્સમાં ભાગ લેવા માટે એક જ કારમાં રવાના થયા. છેલ્લા નવ મહિનામાં બંને વચ્ચે આ બીજી મુલાકાત હતી. આ દરમિયાન પીએમ મોદીએ પુતિનને ફરીથી યુક્રેનમાં યુદ્ધ બંધ કરવા કહ્યું. પીએમ મોદીએ એન્ડલેસ વોરને બદલે એન્ડ ઓફ વોર વિશે વિચારવાનું કહ્યું.પીએમ મોદીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે આર્થિક વિકાસ ત્યારે જ થશે જ્યારે વિશ્વમાં શાંતિ હશે અને શાંતિનો માર્ગ બોમ્બ અને બંદૂકોથી નહીં, પરંતુ વાતચીત દ્વારા થશે. પીએમ મોદીએ પુતિનને આ મહિને નવી દિલ્હીમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં હાજરી આપવા માટે આમંત્રણ પણ આપ્યું.

# સરકારી કર્મચારીઓને રૂા. ૨૧૦૦૦ બોનસ મળશે

નવી દિલ્હી, તા.

તહેવારોની સાથે હવે સરકારી અને ખાનગી ક્ષેત્રમાં બોનસની સીઝન પણ આવી છે તે સમયે હવે સરકારી કર્મચારીઓને રૂા.૭૦૦૦ નહી પણ મહતમ રૂા.૨૧,૦૦૦નું બોનસ મળે તેવા સંકેત છે.

કેન્દ્રના કામદાર તથા રોજગાર મંત્રાલય દ્વારા રૂા.૭૦૦૦ અથવા જે લઘુતમ વેતન નિશ્ચિત કરાયુ છે તેમાંથી જે વધુ હોય તેના આધારે બોનસની ગણતરી કરવાનો પરિપત્ર જાહેર કર્યો છે પણ કર્મચારીઓ તરફથી નેશનલ કાઉન્સીલ ઓફ જોઈન્ટ કન્સલ્ટેટીવ મશીનરીના સેક્રેટરી શિવા ગોપાલ મિત્રાએ તા.૨૭ના એક પત્ર લખી કેબીનેટ સચીવ તથા સરકારની સમક્ષ બોનસ ગણતરી માટે લઘુતમ મર્યાદા રૂા.૨૧૦૦૦ ગણવા માંગ કરી છે.

તેમની દલીલ છે કે, સરકારે જ લઘુતમ વેતનની રકમ રૂા.૨૧૦૦૦ જાહેર કરી છે તો બોનસ પણ રૂા.૨૧૦૦૦થી ઓછું હોવું જોઈએ નહી. જેથી તેઓએ હવે બોનસ ગણતરીએ રૂા.૨૧૦૦૦ની મર્યાદાને ધ્યાનમાં રાખીને તમામ વિભાગોને સૂચના આપવા, માંગણી કરી છે.

સરકારે આ અગાઉ તા.૨૫ ઓગષ્ટના પરિપત્રથી રૂા.૭,૦૦૦ની મર્યાદા નિશ્ચિત કરે છે તેની સામે ગત સપ્ટેમ્બરમાં કામદાર મંત્રાલયે લઘુતમ વેતન રૂા.૭૮૩ પ્રતિ દિવસ એટલે કે મહિને રૂા.૨૦૩૫૮ની બિન કુશળ કર્મચારી- સેમી-સ્કીન (અર્ધકુશળ) ૮૬૮ પ્રતિદિન એટલે કે રૂા.૨૨૫૬૮ વેતન અને કુશળ કારીગરો માટે રૂા.૧૦૩૫ પ્રતિદિન એટલે કે રૂા.૨૬૯૧૦ પ્રતિ માસના લઘુતમ વેતનની જાહેરાત કરી હતી જેનો અનેક રાજ્યોએ અમલ પણ શરૂ કરી દીધો છે.

કેન્દ્ર સરકાર દ્વારા સરકારી કર્મચારીઓના પગારની સમીક્ષા માટે નવા નાણાં પંચની રચના કરી દેવામાં આવી જ છે અને તેની કામગીરી પણ શરૂ થઈ ગઈ છે.

નવા નાણાંપંચના અમલ બાદ કર્મચારીઓના વેતનમાં નોંધપાત્ર વધારો થવાની ગણતરી રાખવામાં આવી રહી છે.

તેવા સમયે કર્મચારીઓએ બોનસ મામલે પણ રાહતની માંગણી કરી છે અને દિવાળીના તહેવારોમાં સામાન્ય રીતે બોનસ આપવામાં આવતું હોય છે

તે પૂર્વે જ બોનસ પરની મર્યાદામાં વધારો કરવાની માંગ મૂકી છે.



## ગોવા-દિલ્હી ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

નવી દિલ્હી, તા. ૧

ઈન્ડિગોની ગોવા-દિલ્હી ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું. એટીએસે થોડા સમય માટે એરપોર્ટ પર સંપૂર્ણ ઈમરજન્સી જાહેર કરી. બધા મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા. ટેકનિકલ તપાસને કારણે દિલ્હી ફ્લાઈટનું સમયપત્રક ફરીથી નક્કી કરવામાં આવ્યું છે.

# નેપાલ : એક જ રૂમમાંથી ૨૧ મૃતદેહ મળી આવ્યા, એક નાની છોકરી તેની માતાના ખોળામાં ચોંટી ગઈ હતી

કાઠમંડુ, તા. ૧

નેપાળમાં પૂરથી થયેલા વિનાશનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. મૃત્યુઆંક ૯૬૨ પર પહોંચી ગયો છે જ્યારે ૪ હજારથી વધુ લોકો હજુ પણ ગુમ છે.

દરમિયાન, પૂરથી સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તાર નુવાકોટમાં કાટમાળ નીચે દટાયેલા એક ઘરમાંથી ૨૩ મૃતદેહો મળી આવ્યા બાદ હંગામો મચી ગયો હતો. નુવાકોટના વિદુર નગરપાલિકાના બેતાવતી ગામમાં ભોટેકોશી નદીના પૂરના કાટમાળ નીચે આ ઘર દટાયેલું હતું. એવી આશંકા છે કે બધા મૃતદેહો યાત્રાળુઓના છે.

શોધ અને બચાવ કામગીરીમાં સામેલ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે શોધ અને બચાવ કામગીરી દરમિયાન, ઘરના એક રૂમમાંથી ૨૧ મૃતદેહો મળી આવ્યા હતા, જ્યારે બહારથી બે મૃતદેહો મળી આવ્યા હતા. ૨૬ ઓગસ્ટના રોજ, ભોટેકોશી દ્વારા ત્રિશુલી નદીના પ્રચંડ પૂરમાં ત્રણ માળનું ઘર ડૂબી ગયું હતું.

પોલીસને શંકા છે કે પૂર પછી કેટલાક લોકો ત્રણ માળ ઉપર ચઢીને પોતાનો જીવ બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ પૂરના પાણીમાં તેઓ તણાઈ ગયા હતા. મળી આવેલા મૃતદેહોની હજુ સુધી ઓળખ થઈ નથી. પોલીસને શંકા છે કે તેઓ યાત્રાળુઓ હોઈ શકે છે.

# ઓગસ્ટમાં જીએસટી કલેક્શન ૧૫% વધ્યું, જેનાથી રૂા. ૧.૯૯ લાખ કરોડની આવક થઈ

નવી દિલ્હી, તા. ૧

ગસ્ટ મહિનામાં દેશની તિજોરીમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. ૧ સપ્ટેમ્બરના રોજ સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, ભારતના કુલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કલેક્શનમાં વાર્ષિક ધોરણે ૧૫ ટકાનો વધારો થયો છે અને તે રૂા. ૧.૯૯૮ લાખ કરોડ થયું છે. આ સતત ત્રીજો મહિનો છે જેમાં જીએસટી આવકમાં બે આંકડાનો વધારો જોવા મળ્યો છે. અગાઉ, જૂનમાં ૧૩.૯ ટકા અને જુલાઈમાં ૧૫.૪ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ગયા વર્ષે, ઓગસ્ટ ૨૦૨૫માં, આ આંકડો રૂા. ૧.૭૪ લાખ કરોડ હતો.

પ્જી વસૂલાતમાં આ વધારા પાછળનું સૌથી મોટું કારણ વિદેશથી થતી આયાત છે. આંકડાઓ પર નજર કરીએ તો, આયાતમાંથી કુલ જીએસટી આવક ૨૯ ટકાનો જંગી ઉછાળો આવ્યો છે, જે ગયા વર્ષે રૂા. ૪૮,૫૪૬ કરોડથી વધીને રૂા. ૬૨,૬૦૪ કરોડ થઈ ગઈ છે. બીજી તરફ, સ્થાનિક બજારમાંથી કર વસૂલાત ૯.૩ ટકા વધીને રૂા. ૧.૨૬ લાખ કરોડથી વધીને રૂા. ૧.૩૭ લાખ કરોડ થઈ ગઈ છે.

આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે જીએસટી આંકડાઓને પ્રભાવશાળી બનાવવામાં આયાતોએ મુખ્ય ભૂમિકા ભજવી છે.

કુલ જીએસટી વસૂલાત રેકોર્ડ બનાવતી વખતે, ચોખ્ખી જીએસટી આવક વૃદ્ધિ થોડી ધીમી રહી. આ મુખ્યત્વે રિફંડમાં ઝડપી વધારાને કારણે હતું. ઓગસ્ટમાં, સરકારે કુલ રિફંડમાં નોંધપાત્ર ૬૭.૯ ટકાનો વધારો નોંધાવ્યો હતો, જે એક વર્ષ અગાઉ રૂા. ૧૮,૯૩૫ કરોડ હતો જે રૂા. ૩૧,૭૯૫ કરોડ થયો હતો.



# અંજારમાં ભજન સમ્રાટ સ્વ. લક્ષ્મણબાપુ બારોટની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ યોજાશે ભવ્ય 'ભજન ભાવાંજલિ'

## ૩૦થી વધુ નામાંકિત કલાકારો રેલાવશે ભક્તિરસની સરવાણી

અંજાર તા. ૧

કચ્છની પાવન ભૂમિ અંજાર ખાતે ભજન સમ્રાટ સ્વ. પરમ પૂજ્ય શ્રી લક્ષ્મણબાપુ બારોટની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે આગામી તા. ૦૫/૦૯/૨૦૨૬, શનિવારના રોજ ભવ્ય 'સંતવાણી અને ભજન ભાવાંજલિ' કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૮:૦૦ કલાકે જી.આઈ.ડી.સી. સ્થિત 'શ્રી રામ કૃપા પાર્ટી પ્લોટ' (રિસોર્ટ) ખાતે યોજાનાર આ ધાર્મિક મહોત્સવને સફળ બનાવવા માટે હાલ આયોજકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

આ પાવન પ્રસંગની તૈયારીઓ અને આયોજનની સમીક્ષા કરવા માટે ભજનાનંદી પાલુભાઈ ગઢવી, ભજનપ્રેમી માવજીભાઈ આહીર તથા ભજનપ્રેમી મહાદેવભાઈ આહીર સહિતના આગેવાનોએ રૂબરૂ સ્થળ નીરીક્ષણ કર્યું હતું. આ તકે સ્ટેજ, મંડપ, સાઉન્ડ સિસ્ટમ તથા વિશાળ બેઠક વ્યવસ્થાની સુવિધા સુચારુ રીતે પૂર્ણ થાય તે માટે કાર્યકરોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

ભક્તિરસથી સભર આ અવસરમાં સૌરાષ્ટ્ર અને કચ્છના ૩૦થી વધુ ખ્યાતનામ કલાકારો પોતાના સુમેળભર્યા ભજનો રજૂ કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે.સ્વ. પૂજ્ય લક્ષ્મણબાપુ બારોટ પરિવાર, ભજનધામ (ભચાઉ), ગોકુળ ભજનધામ (લાખાપર) તથા રામદેવ ભજનધામ (ઘાણેટી) દ્વારા સમગ્ર કચ્છ અને ગુજરાતની ધર્મપ્રેમી જનતાને આ ભવ્ય સંતવાણી કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સંસ્કૃતિ' અને વી.આર.ટી.આઈ. દ્વારા યોજાયેલ વાર્તા લેખન સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કરાયા

જયેશ શાહ દ્વારા,

માંડવી, તા. ૧

ડો. જયંત ખત્રી સ્મારક સાહિત્ય સભા 'સંસ્કૃતિ', ભુજ અને શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યુટ(વી.આર.ટી.આઈ.), માંડવી દ્વારા આયોજિત 'ડો. જયંત ખત્રી વાર્તા લેખન સ્પધાં-૨૦૨૬નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ વાર્તા લેખન સ્પર્ધામાં ૧૮૩ જેટલી વાર્તાઓ મળી હતી, જે પૈકી મુખ્ય વિજેતાઓ અને આશ્વાસન ઈનામો પ્રાપ્ત કરનારની નામાવલી જાહેર કરવામાં આવી, જેમાં પહેલું ઈનામ હળવદના નરેન્દ્રસિંહ રાણાની વાર્તા 'ભમ્મરિયો કૂવો'ને રૂ.૫,૦૦૦/-, બીજું ઈનામ રાજકોટના શ્રધ્ધા ભટ્ટની વાર્તા 'એ માવાસ ને રૂ. ૪,૫૦૦/- અને ત્રીજું ઈનામ નવસારીના ધર્મેશ ગાંધીની વાર્તા 'ગીધ'ને રૂ.૪,૦૦૦/-ને ફાળે જાય છે, અન્ય પાંચ આશ્વાસન ઈનામો પ્રત્યેકને રૂ. ૧,૦૦૦/- અમદાવાદના પૂજા ત્રિવેદી શવલની વાર્તા 'ગરોળી', સુરતના ઉમા પરમારની વાર્તા 'સાતમું આસમાન', અમદાવાદના ભરત સાંઘાણીની વાર્તા 'મૌનના પડથા', વડોદરાના રૂપા લખલાણીની



વાર્તા 'ખુરશી' તથા અમદાવાદના ડો. નયના ડેલીવાલાની વાર્તા 'ગર્ભ સ્પર્શ' રહ્યા છે.

આ વાર્તા લેખન સ્પર્ધાના નિર્ણાયક તરીકે જાણીના સર્જક માવજી મહેશ્વરીએ સેવાઓ આપી છે. તમામ વિજેતાઓને નજીકના ભવિષ્યમાં એક અલાયદો કાર્યક્રમ યોજીને પુરસ્કારો એનાયત કરવામાં આવશે તેવું સંસ્મૃતિ'ના પ્રમુખ રમીલાબેન મહેતા, મંત્રી ઝવેરીલાલ સોનેજી અને વી.આર.ટી.આઈ.ના પ્રકાશન અધિકારી ગૌરધન પટેલ 'કવિ'એ જણાવ્યું હતું. વરિષ્ઠ પત્રકાર અને જયંત ખત્રીના સુપત્ર કીર્તિભાઈ ખત્રીએ આ વાર્તા લેખન સ્પર્ધા માટે રાજીપો વ્યકત કરીને સૌ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

# માનસિક દર્દીઓને વિનામુલ્યે કેમ્પ યોજાયો

ભુજ તા. ૧

ઓમ ફાઉન્ડેશન અને મેંટલ હેલ્થ સેલ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે મન ઉર્જા કિલનિક પારસ એપાર્ટમેન્ટ, હોસ્પિટ રોડ, ભુજ ખાતે આયોજિત યોગ સાધકો થેરાપી માનસિક આરોગ્ય ઓ. પી. ડી. સેવા કેમ્પમાં આર્થિક રીતે નબળા માનસિક દર્દીઓને વિનામુલ્યે દવા સાથે માનસિક તણાવ, ચિંતા, હતાશા વ્યસન અને આત્મહત્યાના નકારાત્મક વિચારોથી મુકત માટે આજે કાર્યક્રમ યોજાયો હતો.

# આજના દર્શન







# બિદડા સર્વોદય દ્વારા નખત્રાણા તા.ના અંતરિયાળ ગામોમાં બાળરોગ નિદાન અને સારવાર શિબિર યોજાઈ

જયેશ શાહ દ્વારા,

માંડવી, તા. ૧

શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા બાળકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા મળી રહે તે હેતુથી દર મહિને નખત્રાણા તાલુકા તથા બન્ની વિસ્તારના વિવિધ અંતરિયાળ ગામોમાં બાળરોગ નિદાન અને સારવાર શિબિરનું આયોજન કરવામાં આવે છે.

તા. ૨૯ ઓગસ્ટ, શનિવારના રોજ નખત્રાણા તાલુકાના તલ અને મોતીચુર ગામોમાં બાળરોગ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં મુંબઈના પ્રખ્યાત બાળ નિષ્ણાત ડૉ. જયેશ કાપડિયા દ્વારા બાળકોની તપાસ અને સારવાર કરવામાં આવી હતી.

ડૉ. કાપડિયા છેલ્લા ૧૫ વર્ષથી બિદડા સર્વોદય ટ્રસ્ટ સાથે જોડાઈને બાળરોગ શિબિરોમાં સેવા આપી રહ્યા છે અને અત્યાર સુધીમાં તેમણે એક લાખથી વધુ બાળકોની તપાસ તથા સારવાર કરી



છે. અંતરિયાળ અને જરૂરિયાતમંદ પરિવારોના બાળકો સુધી નિષ્ણાત તબીબી સેવા પહોંચાડવામાં તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે.

આ શિબિરમાં કુલ ૨૩૫ બાળકોની તપાસ અને સારવાર કરવામાં આવી. તપાસ દરમિયાન ૪ બાળકોમાં લિમ્ફ-નોડ ટીબી (Lymph Node TB)ની શંકા જોવા મળી હતી. આવા બાળકોને વધુ જરૂરી તબીબી તપાસ કરાવવાની સલાહ આપવામાં આવી હતી.

શિબિર દરમિયાન મોટાભાગના બાળકોમાં ઓછું વજન, લોહીની ઉણપ (એનિમિયા) તથા સ્વચ્છતા સંબંધિત સમસ્યાઓ જોવા મળી હતી. બાળકોના માતા-પિતાને યોગ્ય પોષણ, વ્યક્તિગત સ્વચ્છતા અને સમયસર તબીબી તપાસ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ શિબિરને સફળ બનાવવા માટે ડૉ. કાપડિયા સાથે હવાબેન કોલી, આનંદ ગરવા તથા મગનભાઈ સંજોટ દ્વારા જરૂરી સહયોગ આપવામાં આવ્યો હતો.

સંસ્થાના ચેરમેન શ્રી વિજયભાઈ છેડાએ જણાવ્યું હતું કે સ્વસ્થ બાળક, આવતીકાલનું મજબૂત ભારત છે. શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં નિયમિતપણે આરોગ્ય શિબિરો યોજીને જરૂરિયાતમંદ લોકો અને બાળકોને નિઃશુલ્ક તથા નિષ્ણાત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો સેવાયજ્ઞ સતત ચાલુ રાખવામાં આવી રહ્યો છે.

# મુન્દ્રા એમ્પટી એસો.ના ધરણા શરૂ

ભુજ, તા. ૧:

મુન્દ્રામાં પોર્ટ વિસ્તાર બહાર રહેલા એમ્પ્ટી કન્ટેનર યાર્ડના કોડ બંધ કરવાના વિરોધમાં શનિવારે મુન્દ્રા એમ્પ્ટી કન્ટેનર યાર્ડ એસોસિએશન દ્વારા ટ્રાન્સપોર્ટરો અને વિવિધ સંગઠનો દ્વારા રેલી અને આવેદનપત્ર અપાયા બાદ સોમવારથી ત્રણ દિવસ માટે ધરણા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ સાથે અન્ય સંગઠનોએ પણ સમર્થન વ્યક્ત કર્યું છે. કંડલા મુન્દ્રા કન્ટેનર ટ્રાન્સપોર્ટ વેલ્ફેર એસો.એ ટ્રેડ નોટિસ જારી કરીને પહેલી સપ્ટેમ્બર મધ્ય રાત્રીથી મુન્દ્રામાં બધા જ કન્ટેનર ટ્રાન્સપોર્ટ કાર્યને સ્વૈચ્છિક રીતે ઓફ રોડ - બંધ કરવા જણાવ્યું છે. આમ આગામી સમયમાં ટ્રાન્સપોર્ટ સંચાલન પણ અસરગ્રસ્ત બનશે.

# ભુજ નગરપાલિકાએ સાગર ગેસ્ટ હાઉસ સામેના મુખ્ય માર્ગ પર જોખમી ખાડો પૂર્યો





*ભુજ શહેરના સાગર ગેસ્ટ હાઉસ સામેના મુખ્ય માર્ગ પર એક જોખમી અને ઊંડો ખાડો પડી જતાં વાહનચાલકો તથા રાહદારીઓ માટે અકસ્માતનો મોટો ભય ઊભો થયો હતો. આ અંગે શહેરના જાગૃત નાગરિક શ્રી મિતેષ હીરાલાલ શાહ દ્વારા ગઈકાલે ભુજ નગરપાલિકાના પદાધિકારીઓ તથા ચીફ ઓફિસર સમક્ષ રજૂઆત કરીને ત્વરિત કામગીરી કરવા માંગ કરવામાં આવી હતી. જાગૃત નાગરિકની આ રજૂઆતને ભુજ નગરપાલિકા તંત્રે અત્યંત ગંભીરતાથી લીધી હતી. રજૂઆત કર્યાના માત્ર ૨૪ કલાકના ટૂંકા સમયગાળામાં જ નગરપાલિકાની ટીમ દ્વારા સ્થળ પર પહોંચીને આ જોખમી ખાડાનું યોગ્ય સમારકામ પૂરું કરવામાં આવ્યું હતું. નગરપાલિકા તંત્ર દ્વારા દાખવવામાં આવેલી આ ત્વરિત અને બિરદાવવા દાયક કામગીરી બદલ રજૂઆતકર્તા મિતેષ હીરાલાલ શાહે ભુજ નગરપાલિકાના પદાધિકારીઓ, ચીફ ઓફિસર તેમજ તમામ જવાબદાર સ્ટાફનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.*

# સેવી જુનિયર્સ પ્રિસ્કુલના બાળકોએ માધાપર પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ પોલીસ કર્મચારીઓને રાખડી બાંધી

ભુજ, તા. ૧:

રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે માધાપરના ઈન્દ્રવિલા ખાતે આવેલી સેવી જુનિયર્સ પ્રિસ્કૂલના નાના-નાના બાળકો દ્વારા માધાપર પોલીસ સ્ટેશનની વિશેષ મુલાકાત લેવામાં આવી હતી. સમાજ અને નાગરિકોની સુરક્ષા માટે દિન-રાત ફરજ બજાવતા પોલીસ જવાનો પ્રત્યે કૃતજ્ઞતા અને પ્રેમ વ્યક્ત કરવાના આશયથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુલાકાત દરમિયાન પ્રિસ્કૂલના બાળકોએ માધાપર પોલીસ સ્ટેશનના



પી.આઈ. એ. કે. જાડેજા સાહેબ તેમજ પી.એસ.ઓ. હરદીપસિંહ જાડેજા સહિત ઉપસ્થિત તમામ પોલીસ સ્ટાફને પ્રેમપૂર્વક મોં મીઠું કરાવીને રાખડી બાંધી હતી. નાના ભૂલકાંઓ તરફથી મળેલા આ સ્નેહ અને આદરથી તમામ પોલીસ કર્મચારીઓ ગદગદ થઈ ગયા હતા અને બાળકોને આશીર્વાદ તેમજ સુરક્ષાની ખાતરી આપી હતી.

પોલીસ સ્ટેશનના અધિકારીઓએ બાળકોને પોલીસની કામગીરી વિશે સરળ શૈલીમાં માહિતગાર કર્યા હતા અને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. શાળા પરિવાર તરફથી જણાવવામાં આવ્યું હતું કે આવા આયોજનોથી બાળકોમાં નાનપણથી જ સામાજિક મૂલ્યો અને પોલીસ પ્રશાસન પ્રત્યે માન-સન્માનની ભવના કેળવાય છે

# ભારતીય જૈન સંગઠન કચ્છ દ્વારા ઐતિહાસિક મહોત્સવનું આયોજન કરાયું

ભુજ, તા. ૧:

ભારતીય જૈન સંગઠન - કચ્છ (BJS - KUTCH) દ્વારા સમગ્ર કચ્છ જિલ્લામાં રહેતા સમસ્ત જૈન સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો સતત બીજા વર્ષે ભવ્ય કાર્યક્રમ યોજાયેલ હતો. આ કાર્યક્રમમાં કચ્છના ઈતિહાસમાં પ્રથમ વખત કચ્છ જિલ્લામાં જૈન સમાજ દ્વારા સંચાલિત હોય તેવી ૪૧ શૈક્ષણિક સંસ્થાઓનું પણ વિશેષ સન્માન કરવામાં આવેલ હતું.

પ્રતિભા સ્પોટ લાઈટ-2026 માં કચ્છ જીલ્લાના સમસ્ત જૈન સમાજના 412 તેજસ્વી પ્રતિભાઓનું યુવાઓ તથા કચ્છની ૪૧ શાળાઓ અને કોલેજોમાં અભ્યાસ કરતા ૪૦,૦૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડનાર અને સંસ્થાઓનું સફળ સંચાલન કરનાર ટ્રસ્ટીઓનું સન્માન સન્માન કરવામાં આવ્યુ.

કાર્યક્રમનાં દીપપ્રાગટ્ય પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ માનનીય શ્રી શશિકાંતભાઈ મોરબીયા પરિવારના ડો. રૂપાલીબેન મોરબીયા, કાર્યક્રમના ઉદ્ઘાટા માનનીય શ્રી ત્રિકમભાઈ છાંગા (મંત્રીશ્રી, ગુજરાત સરકાર),મુખ્ય મહેમાન માન. શ્રી દેવજીભાઈ વરચંદ(અધ્યક્ષશ્રી, કચ્છ ભાજપ), માન. શ્રી વિનોદભાઈ ચાવડા(સાંસદશ્રી, કચ્છ-મોરબી), માન. શ્રી પ્રભાબેન હુણ (પ્રમુખશ્રી, કચ્છ જીલ્લા પંચાયત) માન શ્રી પંકજભાઈ મહેતા ( પૂર્વ ધારાસભ્ય ) શ્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહ ( પૂર્વ નાણામંત્રીશ્રી ગુજરાત રાજ્ય ) ,શ્રી જીગરભાઈ છેડા (અધ્યક્ષશ્રી, શ્રી ક.વી.ઓ. મહાજન),શ્રી સ્મિતભાઈ ઝવેરી ( તપગરછ ભુજ સાત સંઘ પ્રમુખ ), કમલેશભાઈ સંઘવી (અગ્રણીશ્રી, જૈન સમાજ), માન. શ્રી તેજસભાઈ શેઠ (કા.ચેરમેનશ્રી, ગાંધીધામ મ. પા.),શ્રી અશોકભાઈ સંઘવીVBC સમાજ ના પ્રમુખ કિશોરભાઈ મોરબીયા, છ કોટિ સંઘના પ્રમુખ ધીરુભાઈ દોશી મંત્રી ભદ્રેશભાઈ દોશીવગેરે કચ્છ ભરના જૈન સમાજના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.



આ કાર્યક્રમમાં મુખ્યદાતા-શ્રી શશીકાંત ખીમજીભાઈ મોરબીયા પરિવાર હસ્તે મનીશભાઈ મોરબીયા, ભોજનના દાતા અનશન વ્રત ધારી જૈન સમાજ રત્ન શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડા ( હસ્તે હંસાબેન તારાચંદભાઈ છેડા ) સહયોગી દાતા શ્રી ભુપેન્દ્રભાઈ હરસુખલાલ મહેતા પરિવાર, માતૃશ્રી મંછાબેન કેશવલાલ સંઘવી પરિવાર , શ્રી પ્રાણલાલ હંસરાજ શાહ પરિવાર, શ્રી ચમનલાલશાહ પરિવાર હસ્તે નીરવભાઈ શાહ,શ્રી હિંમતલાલ માવજીભાઈ ખંડોરપરિવાર રહ્યા હતા. જેમનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાયર્ક્રમના અધ્યક્ષ તરીકે મુખ્ય દાતા શ્રી શશિકાંતભાઈ મોરબીયા પરિવારના ડો. રૂપાલીબેન મોરબીયાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં આ આયોજનના મુખ્યદાતા તરીકે તેમના પરિવારને લાભ આપવા બદલ સંસ્થાનો આભાર વ્યક્ત કરેલ હતો.

કાર્યક્રમના ઉદ્ઘાટા તરીકે ગુજરાતના શિક્ષણ મંત્રી ત્રિકમભાઈ છાંગાએ આ આયોજન માટે સંસ્થાના અધ્યક્ષ હિતેશભાઈ ખંડોરને અને તેમની ટિમેને અભિનંદન પાઠવેલ હતા. તેમજ સર્વ જીવ હિતાય દ્વારા જૈન સમાજ હમેશાં સર્વ જીવોના હિત માટે સતત ચિંતિત રહે છે અને જીવદયા અને માનવ સેવા માં હમેશા અગ્રેસર રહે છે તે બાબતે ત્રિકમભાઈએ સમગ્ર જૈન સમાજને બિરદાવેલ હતા.

મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત કચ્છ જિલ્લા ભાજપના પ્રમુખ દેવજીભાઈ વરચંદે તેમના પ્રાસંગિક પ્રવચનમાં આ અનોખા આયોજન માટે અભિનંદન પાઠવવાની સાથે સમગ્ર કચ્છ જિલ્લામાં દરેક ક્ષેત્રે જૈન સમાજના યોગદાન ની વાત કરેલ હતી.

મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડાએ જીવદયા, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે જૈનો નું યોગદાન હર હમેંશ રહે છે એવું પ્રાસંગિક પ્રવચનમાં આ અદભૂત કાર્યક્રમના આયોજન બદલ અભિનંદન પાઠવેલ હતા.

BJS અધ્યક્ષ હિતેશભાઈ ખંડોરે જણાવ્યું હતું કેકચ્છમાં શૈક્ષણિક જગતના ક્ષેત્રમાં જૈન સમાજનો એક અમૂલ્ય ફાળો છે ૧૦૦ વર્ષથી પણ વધારેથી કચ્છમાં જૈન સમાજનો શિક્ષણ ક્ષેત્રે અમૂલ્ય ફાળો છે ફક્ત જૈનો નહીં પણ દરેક સમાજના દિકરા દીકરીઓના કારકિર્દીના ઘડતરના મૂળમાં જૈન સમાજનું વિશિષ્ટ યોગદાન રહેલું છે કચ્છ કેરિયર એન્ડ સ્કિલ એકેડેમી ( કાસા કચ્છ ) દ્વારા તારીખ ૧૭/૦૯/૨૦૨૬માન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસથી કચ્છમાં BASIC OF AI ના કોર્સનો પ્રારંભ નીશુલ્ક કરવામાં આવશે આ કોર્સમાં દરેક સમાજના યુવક યુવતીઓ લાભ લઈ શકશે જે ગુગલફોર્મ માધ્યમથી ફોર્મ ભરી શકશે જેના કન્વીનર તરીકે અમરભાઈ મહેતા તથા સહકન્વીનર તરીકે દર્શનભાઈ ખંડોર રહેશે.

જૈન સંઘ અને સમાજ ના ઉપસ્થિતિના અગ્રણીઓ પ્રકાશભાઈ ગાંધી, ભદ્રેશભાઈ દોશી, કૈલાશભાઈ મહેતા, પ્રબોધ મુનવર, રજનીભાઈ પટવા, અશ્વિનભાઈ લોદરિયા BJS ના પ્રમુખશ્રીઓમાંડવી મહિલાવિંગદિપાલીબેન સંઘવી,નખત્રાણા તાલુકા ચેપ્ટર જીત ડી શાહ,વર્ધમાન નગર ચેપ્ટર રાહુલભાઈ મહેતા, ભુજ મહિલાવિંગ ગીતાબેન મુકેશભાઈ પારેખ માંડવી ચેપ્ટર જુગલભાઈ સંઘવી, અંજાર ચેપ્ટર દર્શનભાઈ બી શાહ, મુન્દ્રા ચેપ્ટર હિરેનભાઈ સાવલા, ભુજ શહેર ચેપ્ટર ના ધીરેન એમ શાહ,ગાંધીધામ ચેપ્ટર ના જિતેન્દ્ર ખંડોર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત નવકાર મહામંત્ર થી લતાબેન વોરા એ કરેલ હતી કાર્યક્રમ નું સંચાલન કેતનભાઈ શાહે, વિનેશભાઈ શાહ તથા હિરેનભાઈ શાહ એ કર્યું હતું.

કાર્યક્રમ ને સફળ બનાવવા BJS જિલ્લા મહામંત્રી નીરવભાઈ શાહ, કૌશલભાઈ મહેતા, કૈલાશભાઈ મહેતા, મુકેશભાઈ સંઘવી, રાજેશભાઈ મહેતા (શાશ્વત), રાજેશભાઈ શાહ,સુમીતભાઈ કુબડીયા, ઊદયભાઈસંઘવી, જીગ્નેશભાઈ કોરડીયા, સૈયમભાઈ દોશી, ધીરેન્ભાઈ શાહ, મનીશભાઈ નાગડા, ભાવિનભાઈ દેઢીયા એ જહેમત ઉઠાવી હતી.

# ભુજમાં જિલ્લા ગામ વિકાસ સમિતિ દ્વારા દિવ્યાંગને ટ્રાયસિકલ, વ્હીલચેર, સિલાઈ મશીન, સ્કુલ ડ્રેસ અપાયા

જયેશ શાહ દ્વારા,

માંડવી, તા. ૧

કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ ગોધરાના પ્રમુખ શ્રી અરવિંદભાઈ જોશી અને ચંદ્રકાંતભાઈ મોતા તથા તેમની ટીમ દ્વારા સમગ્ર કચ્છમાં છેલ્લા 28 વર્ષોથી અનેકવિધ સેવાકીય કાર્યો થઈ રહ્યા છે. જેમાં કચ્છના અનેક દિવ્યાંગ વ્યક્તિઓને અંધજન મંડળ ખાતે અને સમગ્ર કચ્છમાં ટ્રાયસિકલ, વ્હીલચેર, સિલાઈ મશીન જેવા સાધનો આપીને દિવ્યાંગ લોકોને પગભર કર્યા છે. આ સાધનો આપીને દિવ્યાંગ લોકોને નવું જીવન પ્રદાન કરવામાં આવે છે.

આજે અંધજન મંડળ કે.સી. આર.સી. ખાતે દાતાઓના સહયોગથી 80 દિવ્યાંગ બાળકોને સ્કુલ ડ્રેસ અને સ્કુલ બેગ તથા 14 દિવ્યાંગ વ્યક્તિઓને વ્હીલચેર, 6 દિવ્યાંગ બહેનોને સિલાઈ મશીન અને 3 દિવ્યાંગ વ્યક્તિઓને ટ્રાઈસીકલ અર્પણ કરવામાં આવી જેમાં 3 વ્હીલચેર- 'સબકા મંગલ હો' -અંધેરી મુંબઈ, 3 વ્હીલચેર - માતૃશ્રી કંચનબેન કરસનજી મહેતા હસ્તે- ધીરજભાઈ મહેતા (લીબ્રા પ્રોડક્ટ)ગોધરા ઘાટકોપર મુંબઈ, 3 વ્હીલચેર -શ્રી શાંતિભાઈ શિવજીભાઈ પટેલ રતનપર (મઠું) હાલે મુંબઈ, 2- વ્હીલચેર -શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ -મુંબઈ, શ્રી ઠાકરશીભાઈ લખમીદાસ જોયસર કચ્છ ગામ તેરા હાલે- મુંબઈ, 2- વ્હીલચેર-શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ મુંબઈ, પૂર્ણ સ્મૃતિમાં



શ્રીમાન પ્રતાપભાઈ કરસનદાસ હરિદાસ જોયસર- પરિવાર કચ્છ ગામ નુધાતડ હાલે મુંબઈ, 1- વ્હીલચેર- માતૃશ્રી સાવિત્રીબેન વલ્લભદાસ ચોથાણી- માંડવી, 3-સિલાઈ મશીન- માતૃશ્રી સોનબાઈ લક્ષ્મીદાસ વીરજી ભારમલ હસ્તે દિવ્યાબેન મોહનલાલ ચાંદા ગામ -ધુણઈ તા-માંડવી, 3-સિલાઈ મશીન-રેસ થી શ્રી સુંદરજીભાઈ લાલજીભાઈ ભેદા પરિવાર જુહુ -પારલા -મુંબઈ, 1-ટ્રાયસિકલ - 'સબકા મંગલ હો' -બારઈ મુંબઈ, 1-ટ્રાયસિકલ -લાયન્સ ક્લબ માધાપર મેઈન, 1-ટ્રાયસિકલ-માતૃશ્રી મણીબેન મંગલદાસ ઠક્કર પરિવાર મુલુંડ મુંબઈ હસ્તે -શ્રી પંકજભાઈ ઠક્કર,મુંબઈ.

આ સાધન સહાય અર્પણ સમયે કચ્છ મોરબીના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષશ્રી દેવજીભાઈ વરચંદ, કરછના પૂર્વ સાંસદશ્રી પુષ્પદાનભાઈ ગઢવી, ભુજ શહેર ભાજપ પ્રમુખ મીતભાઈ ઠક્કર, કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિના અધ્યક્ષ અરવિંદભાઈ જોશી, અંધજન મંડળ કે.સી.આર.સી. ના મેનેજર અરવિંદસિંહ ગોહિલ, અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી માંડવીના પ્રમુખ દિનેશભાઈ શાહ, શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપ કચ્છના પ્રમુખ રાજુભાઈ પલણ, લેખક શ્રી પબુભાઈ ગઢવી -'પુષ્પ', સુખપરના દાતાશ્રી વાલજીભાઈ વાઘજીયાણી, આકાશવાણી ભુજના પૂર્વ કેન્દ્ર નિયામકશ્રી જયંતીભાઈ જોશી 'શબાબ' અને ઈન્કમ ટેક્સ ઓફિસર શૈલેષભાઈ ચૌહાણ અને કલ્પનાબેન ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને આ મહેમાનોના હસ્તે તમામ દિવ્યાંગ વ્યક્તિઓને ઉપરોક્ત સાધનો અર્પણ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત તમામએ અંધજન મંડળ કે.સી. આર.સી. અને શ્રી કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ ગોધરાની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજુભાઈ પલણે કર્યું હતું અને આભારવિધિ અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી માંડવીના પ્રમુખએ કરી હતી.

# ખેલ મહાકુંભ-૨૦૨૬ રજીસ્ટ્રેશન શરુ

ભુજ તા. ૧

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેલ મહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. ૨૯ ઓગષ્ટ એટલે કે રાષ્ટ્રીય રમત દિવસથી ગુજરાતના ફ્લેગશિપ રમતોત્સવ ખેલ મહાકુંભ- ૨૦૨૬ માટે રજીસ્ટ્રેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શાળા/ગ્રામ્ય કક્ષાએથી રમતગમતની પ્રતિભાને ઓળખવા માટે યોજાનાર આ આયોજનમાં વધુમાં વધુ ખેલાડીઓને જોડાવા અપીલ કરવામાં આવે છે.

શાળા-ગ્રામ્યકક્ષા, તાલુકા/ઝોનકક્ષા, જીલ્લા-મહાનગરપાલિકા કક્ષા, ઝોનકક્ષા અને રાજ્યકક્ષાની વિવિધ સ્પર્ધાઓઓ યોજાશે. ગાંધીધામ મહાનગરપાલિકામાં રહેતા અથવા અભ્યાસ કરતા ખેલાડીઓએ મહાનગરપાલિકાના વોર્ડ/ઝોન મુજબ જયારે કચ્છ જીલ્લાના (ગાંધીધામ સિવાયના) ગ્રામ્ય વિસ્તારમાં રહેતા કે અભ્યાસ ખેલાડીઓએ તાલુકા-જીલ્લા મુજબ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

શાળાકક્ષાએ અં-૯, અં-૧૧,અં-૧૪,અં-૧૭ ના વયજૂથના અભ્યાસ કરતા ખેલાડીઓએ ફરજીયાતપણે પોતાની શાળામાંથી જ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જયારે કોલેજમાં અભ્યાસ કરતા ખેલાડીઓ પોતાની કોલેજમાં અને અભ્યાસ ન કરતા ખેલાડીઓએ જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ભુજ ખાતે રજીસ્ટ્રેશન કરાવી શકશે. ખેલ મહાકુંભ- ૨૦૨૬ માટે ૨૨ સપ્ટેમ્બર-૨૦૨૬ સુધી https://khelmahakumbh.gujarat.gov.in વેબસાઈટ પરથી રજીસ્ટ્રેશન કરી શકશે.

# ભુજમાં દબાણ હટાવની ઝુંબેશ બાબતે શેરી ફેરીયા અને નગરપાલિકા વચ્ચે સમાધાન

ભુજ તા. ૧

સુપ્રીમ કોર્ટના આદેશ અને કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલ દબાણ હટાવ કામગીરી છેલ્લા એક અઠવાડીયા થી પુરજોશમાં ચાલુ છે, કેટલાક વિસ્તારના લારી ધારકોએ સ્વેચ્છાએ લારી હટાવીને સહકાર આપ્યું હતું. પરંતુ કેટલાક અસંતુષ્ટ લોકો દ્વારા આ ઝુંબેશમાં ખલેલ પહોંચાડવાના ઈરાદે એક ભદ્દી હરકત કરવામાં આવી હતી. મહમદ લાખા નામના ઈસમ ભુજ નગરપાલિકા કચેરીની છત પર ચડી જઈને આત્મવિલોપન ની ધમકી આપીને વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેને પગલે ભુજ



નગરપાલિકા ના ચીફ ઓફિસરશ્રી તેમજ પ્રમુખ શીતલભાઈ શાહ, કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવી તથા ટાઉનપ્લાનિંગ શાખાના ચેરમેન જગતભાઈ વ્યારા દ્વારા બેઠક કરીને આ બાબતનો સુખદ સમાધાન કરાવામાં આવ્યું હતું.

આ બાબતે ભુજ નગરપાલિકાના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે લારી ધારકોને વિવિધ ફેઝમાં જગ્યા આપવાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં પહેલા ફેઝમાં કાર્ડ ધારકોને પ્રાથમિકતા આપીને જગ્યા આપવામાં આવશે ત્યારબાદ ક્રમશઃ બાકીના લારીધારકોની વિચારણા કરવામાં આવશે.

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER Printed at JAHNAVI Offset, 105/B,Lotus colony BHUJ-KUTCH370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH,Editor RAM KARSHANDAS THACKER

# નર નારાયણ નગર ભુજ મધ્યે શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ



ભુજ, તા. ૧ :

જો કોઈ જીવાત્મા ભગવાન શંકરના શરણમાં જાય તો દરેક જીવાત્માનું શિવ કલ્યાણ કરે છે. કૃપા કરનારા કોઈ દેવ હોય તો તે ભગવાન શિવ છે. કથા એ કોઈ સમય પસાર કરવાની પ્રવૃત્તિ નથી પણ આત્મ ચિંતન કરવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. એમ કથાનું મહાત્મ્ય જણાવી વક્તા શ્રી શિવપ્રિય જોશી મહારાજે મંગલાચરણ કર્યું.

શ્રી નરનારાયણ નગર ત્રિમંદિર સામે ભુજ મધ્યે શ્રી શિવ મહાપુરાણ કથા નું સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા ઉપરાંત જ્યેશભાઈ ઠક્કર, અજીતભાઈ માનસતા, મનુભા જાડેજા,ચંદ્રેશભાઇ રબારી વીગેરેના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી પવિત્ર શ્રાવણ માસમાં રક્ષા બંધનના તહેવાર થી શિવ કથાનું આયોજન કરનારા કચ્છ જિલ્લા ભાજપ મહિલા મોરચાના મહામંત્રી શ્રીમતી પારસબા કૃષ્ણસિંહ જાડેજા અને વોર્ડ નંબર ૮ ના નગરસેવિકા શ્રીમતી વિમીબેન વિનોદભાઈ ઠક્કરને સાંસદે અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી ઇન્દ્રજીત સિંહ જુવાનસિંહ જાડેજા, કચ્છ ક્રિકેટ એસોસિએશન ના પ્રમુખ અને વોર્ડ નં ૭ ના નગર સેવક શ્રી રાજેન્દ્રસિંહ જાડેજા,પૂ. કદંબગીરી માતાજી, દિવ્યાગીરી માતાજી, કચ્છ જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ પારુલબેન કારા સાથે મહિલા મોરચાના રસિકબા ગઢવી, ચાંદની બેન વરુ, રીટાલી બેન, મીના બેન, ઉપરાંત ગણાત્રા જયેશભાઈ તુલસીદાસ સોનાગેલા, અંજાર નગર પાલિકા ના સદસ્ય ડાહ્યાલાલ મઢવી, ડૉ.કિશન આર્ય, શ્રી પ્રતાપસિંહ જાડેજા,વોર્ડ નં ૮ ના નગર સેવિકા મનીષાબેન સોલંકી, ૐ શ્રી મારુતિ ચેરિટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ શિલ્પાબેન ગોર સહિત ભુજ નગરપાલિકાના કાઉન્સિલરો ઉપસ્થિત રહી કથા શ્રવણ કર્યું હતું.

શ્રી ધર્મેન્દ્ર અનમ, ગૌતમ જોષી, દિનેશ ગણાત્રા, મનહર ભાઇ પરમાર વિગેરે વ્યવસ્થા સંભાળી રહ્યા છે. આચાર્ય શ્રી નીતિન મહારાજ પોથી પૂજન વિધી કરાવે છે જ્યારે કથાનું સંચાલન શ્રી જગદીશ ગોર "શરમાળ" સંભાળી રહ્યા છે.રહ્યા હતાં.

# લખપત તાલુકામાં GMDC દ્વારા ઘાસ પાણી તેમજ રોજગારી આપવાની માંગ

દયાપર, તા. ૧ :

અષાઢ મહિના બાદ શ્રાવણ માસ અડધો વિતી ગયા બાદ પણ હજુ સુધી લખપત તાલુકામાં વરસાદ નહીં પડતા સર્જાયેલ દુષ્કાળની પરિસ્થિતિને કારણે ઘાસચારા તેમજ પાણીની મુશ્કેલી વચ્ચે માલધારીઓ અને પશુઓની હાલત કફોડી બની છે તો બીજી તરફ આ વિસ્તારમાં આવેલ જીએમડીસી દ્વારા પશુઓ માટે ઘાસચારો અને પાણીની વ્યવસ્થા કરવાની સાથે લોકોને રોજગારી આપવા માટેની લેખિત રજૂઆત કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રવક્તા દ્વારા જીએમડીસીના મેનેજિંગ ડાયરેક્ટર સમક્ષ કરાઈ છે

કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હુસેન એ રાયમાંએ જીએમડીસીના મેનેજિંગ ડાયરેક્ટરને ઉદેશીને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે લખપત તાલુકામાં અલગ અલગ ગામોમાં જીએમડીસી હસ્તકના પાંચ જેટલા પ્રોજેક્ટ આવેલા છે તેમજ આ પ્રોજેક્ટ દ્વારા વાર્ષિક અબજો રૂપિયાની કમાણી કરવામાં આવે છે લિગ્નાઇટ અને વીજ ઉત્પાદનમાંથી મોટા પ્રમાણમાં કમાણી થાય છે અને રાજ્યમાં કમાણીમાં સિંહ ફાળો આપતા આ ઔદ્યોગિક એકમ દ્વારા સીએસઆર યોજનાનો મુખ્ય ફાળો આ વિસ્તારમાંથી અન્ય વિસ્તારમાં આપી દેવાય છે ત્યારે પશુપાલન અને ખેતી વ્યવસાય આધારિત આ તાલુકામાં ચાલુ વર્ષે હજુ સુધી વરસાદ ન પડતાં દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ છે માનવ વસ્તી કરતા સૌથી વધુ પશુધનની સંખ્યા ધરાવતા આ વિસ્તારમાં વરસાદ વિના ખેતી પણ નિષ્ફળ નિવડી છે જેના કારણે લોકોમાં હવે હીજરતનો દોર શરૂ થયો છે ત્યારે લોકોની થતી હિજરત અટકાવવા અને અબોલ પશુઓ માટે ઘાસચારા તેમજ પાણીની વ્યવસ્થા જીએમડીસી દ્વારા કરવામાં આવે તેમજ સ્થાનિક લોકોને રોજગારી આપવાની માંગ સાથેની લેખિત રજૂઆત જિલ્લા કલેકટર તેમજ જીએમડીસી સમક્ષ કરવામાં આવી છે



# મસ્કા ગામના સનાતન હિન્દુ સ્મશાનમાં વિવિધ વિકાસ કામોનું ખાતમુર્હુત કરાયું

જયેશ શાહ દ્વારા,

માંડવી, તા. ૧

માંડવી તાલુકાના મસ્કા ગામના સનાતન હિન્દુ સ્મશાનમાં સરકાર, સંસ્થા અને દાતાશ્રીઓના સહયોગથી તા. ૨૪-૦૮-૨૦૨૬ને સોમવારના રોજ વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત રંગેચંગે સંપન્ન થયું હતું.

મસ્કા મુક્તિધામમાં સોમવારના યોજાયેલા કાર્યક્રમમાં મસ્કાના પૂર્વ સરપંચ અને માંડવી તાલુકા પંચાયતના સત્તાપક્ષના નેતા કિર્તીભાઈ ગોરે પ્રારંભમાં સૌને આવકારી જણાવ્યું હતું કે, પવિત્ર શ્રાવણ માસના સોમવારના મસ્કા સનાતન હિન્દુ સ્મશાનમાં પાણીનો ટાંકો અને શૌચાલય જેવા વિકાસ કામોનું ખાતમુર્હુત સરકાર, સંસ્થા અને દાતાશ્રીઓના સહયોગથી કરવામાં આવશે.

મસ્કા મુક્તિધામમાં પાણીના ટાંકા અને શૌચાલયનું ખાતમુહૂર્ત કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ - ગોધરાના પ્રમુખ અરવિંદભાઈ જોશી અને કાનજીભાઈ રાબડીયા(રાજકુમાર)ના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રમુખએ ખાતમુર્હુત કરતા જણાવ્યું હતું કે, આજથી મસ્કા મુક્તિધામનું નામ મંગલ મંદિર મુક્તિધામ રાખવું જોઈએ. દિનેશભાઈ શાહે જણાવ્યું હતું કે, મંગલ મંદિર મુક્તિધામ બ્લોઅર મોટરની સુવિધા ધરાવતું આધુનિક સ્મશાન બનાવવું જોઈએ. ત્યારે માંડવીના પૂર્વ સરપંચ અને માંડવી તાલુકા પંચાયતના સત્તાપક્ષના નેતા દાતાના સહકારથી આ સ્મશાન બ્લોઅર મોટરની સુવિધા ધરાવતું આધુનિક સ્મશાન બનાવવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે માનવ જ્યોત - ભુજ ના પ્રમુખ પ્રબોધભાઇ મુનવર ના સૌજન્ય થી કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ - ગોધરા દ્વારા, પક્ષીયો માટે પાણી ના કુંડા અને ચકલીઘર, કીર્તિભાઇ ગોર ને અર્પણ કરવા માં આવ્યા હતા.

આ પ્રસંગે મસ્કાના પૂર્વ સરપંચ હીરાભાઈ પટેલ, માંડવીની અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટીના પ્રમુખ, રાજગોર સમાજના પ્રમુખ નાનજીભાઈ મોતા, ક્ષત્રિય સમાજના પ્રમુખ રણજીતસિંહ જાડેજા, કમલેશભાઈ ઠક્કર, શામજીભાઈ જોગી, દામજીભાઈ મહેશ્વરી, માણેકલાલ નાથાણી, શંભુલાલભાઈ મોતા, વિપુલભાઈ મોતા, અક્ષયભાઈ પટેલ અને વિજયસિંહ સોઢા ઉપસ્થિત રહ્યા હતાં.

# કેલિફોર્નિયાની સંસ્થામાં સેવાકાર્ય માટે કચ્છીને બેસ્ટ એમ્પ્લોઈ એવોર્ડ અર્પણ

ભુજ, તા. ૧ :

અમેરિકાના કેલિફોર્નિયા સ્થિત સ્થાનિક સશક્ત વ્યક્તિને જરૂરિયાત મુજબ વૈદકીય સારવાર ઉપરાંત કુટુંબના સભ્ય જેવી ભાવનાથી દેખભાળ કરતા બેલ માઉન્ટ કેર ડિપાર્ટના મેન્યુઅલ પ્રોગ્રામમાં ટૂંકાગાળામાં સારી સેવા કરવા બદલ મિરજાપરના ધર્મેન્દ્ર પરમારને



બેસ્ટ એમ્પ્લોઈ એવોર્ડ અપાયો હતો. કેર ડિપાર્ટના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ટ્રેલર માન્ઝોના હસ્તે સ્મૃતિચિહ્ન-ટ્રાફી અપાયા હતા. વિશેષ નોંધનીય છે કે, ધર્મેન્દ્રભાઈને ઈઝરાયલ સરકાર દ્વારા કારગિયર સેક્શનમાં પ્રશંસનીય કામગીરીને લક્ષ્યમાં રાખીને વિશિષ્ટ પારિતોષિક જાહેર કરી રાષ્ટ્રીય સન્માન કરાયું હતું, તો 1995માં ઓમાન ખાતે ક્રિકેટ ચેમ્પિયન ટ્રોફી તત્કાલીન વિદેશમંત્રી બિનતૈમુરના હસ્તે એનાયત થઈ હતી. તેમની બે પુત્રી હર્ષિદા અને પરમેશ્વરી પરમાર ભુજના મા આશાપુરા વિદ્યાસંકુલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે,



# કચ્છમાં HIV/AIDS અંગે જનજાગૃતિ કાર્યક્રમો યોજાયા

ભુજ, તા. ૧ :

જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને ટીબી-એચઆઈવી ઓફિસરશ્રીના દિશાનિર્દેશ હેઠળ કચ્છ જિલ્લામાં સઘન IEC અભિયાન-3.0 અંતર્ગત HIV/AIDS અંગે જનજાગૃતિ કેળવવા વિવિધ વિસ્તારોમાં જાગૃતિ કાર્યક્રમો અને રેલીઓ યોજવામાં આવી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત PHC કુકમા હેઠળના સબ સેન્ટર કોટડા (ઉ) તથા આમ–લાખોંદ વિસ્તારમાં જાગૃતિ રેલી યોજાઈ હતી. રેલી દરમિયાન ગ્રામજનોને સંક્રમણના માર્ગો, બચાવના ઉપાયો, વહેલી તપાસ અને સમયસર સારવાર અંગે માહિતી આપવામાં આવી હતી.

મિરઝાપર હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને આરોગ્ય શિક્ષણ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ પધ્ધર સબ સેન્ટર નજીક આવેલી હાઈસ્કૂલમાં ધોરણ 9થી 12ના વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓને સંક્રમણથી બચવાના ઉપાયો, સમયસર તપાસ અને સારવારના મહત્વ અંગે સમજ આપવામાં આવી હતી. સાથે જ HIV સાથે જીવતા વ્યક્તિઓ પ્રત્યે ભેદભાવ ન રાખવા અને સન્માનપૂર્ણ વર્તન કરવા અંગે માર્ગદર્શન અપાયું હતું.

પધ્ધર વિસ્તારમાં યોજાયેલી જાગૃતિ રેલીમાં MPHW તથા આશા બહેનોએ સક્રિય ભાગ લીધો હતો. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા લોકો અને વિદ્યાર્થીઓ સુધી સાચી તથા વૈજ્ઞાનિક માહિતી પહોંચાડવામાં આવી હતી.

આ સમગ્ર અભિયાનનો મુખ્ય હેતુ HIV/AIDS અંગેની ગેરમાન્યતાઓ દૂર કરી જનસમુદાયમાં જાગૃતિ વધારવા તેમજ HIV સાથે જીવતા વ્યક્તિઓ પ્રત્યે ભેદભાવમુક્ત અને સંવેદનશીલ અભિગમ કેળવવાનો રહ્યો હતો.



# માંડવીના સેવામંડળમાં નિઃશુલ્ક હોમિયોપેથિક કેમ્પ યોજાયો

જયેશ શાહ દ્વારા

માંડવી, તા. ૧

માંડવીના સેવામંડળ અને ભુજના રામકૃષ્ણ મઠના સંયુક્ત ઉપક્રમે, માંડવીના સેવામંડળના દવાખાનામાં મંછારામ બાપુના વાડા(ભીડ બજાર)માં ૨૨મી ઓગસ્ટને શનિવારના સવારના ૯ થી ૧ વાગ્યા દરમ્યાન હોમિયોપેથિક નિદાન અને સારવારનો ૨૭મો નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં માંડવી શહેર ઉપરાંત ઢીંઢ, શિરવા, મસ્કા, નાગલપુર, મોટા લાયજા, મેરાઉ, માધાપર (તા.ભુજ) અને જામનગર સહિત ૯ ગામના કુલ ૧૧૪ લોકોએ લાભ લીધો હતો. ડૉ.મનોજભાઈ માકાણી (એમ.ડી.) એ જણાવ્યું હતું કે, હોમિયોપેથીક દવા લેવાથી કોઈ આડઅસર થતી નથી તેમજ હોમિયોપેથીક દવાઓ લાંબા સમય સુધી લેવાથી જટિલ રોગોમાં પણ ફાયદો થાય છે. બીજી દવાઓ ચાલુ હોય તો પણ હોમિયોપેથિક દવાઓ લઈ શકાય છે.

આ નિઃશુલ્ક મેડિકલ કેમ્પમાં ડો. માકાણી, ડો. ઉષાબેન ભાલીયા, ડો. પ્રિયંકાબેન ઝાલા, ડો. નેહલભાઈ પટેલ અને ચાંદનીબેન ઝાલા દ્વારા ૧૧૪ દર્દીઓનું નિદાન કરીને યોગ્ય માર્ગદર્શન આપેલ હતું. આ કેમ્પનો લાભ લેનાર તમામ ૧૧૪ દર્દીઓને એક માસની દવા પણ નિઃશુલ્ક આપવામાં આવી હતી.ઊ

અત્રે એ ઉલ્લેખનીય છે કે, માંડવીના સેવામંડળમાં દર મહિનાના ચોથા શનિવારે સવારના ૯ થી ૧ વાગ્યા દરમ્યાન ઊ નિદાન અને સારવારનો નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજવામાં આવે છે. આ કેમ્પને સફળ બનાવવા સેવામંડળના પ્રમુખ અશોકભાઈ શાહ તેમજઊ સંસ્થાના ટ્રસ્ટી મંડળમાં ટ્રસ્ટીઓ સર્વશ્રી ભગવતીપ્રસાદ મોથારાઈ, ચંદ્રેશભાઇ શાહ, જ્યેશભાઈ જી. શાહ, ભાવિનભાઈ શાહ અને દિનેશભાઈ મણીલાલ શાહે જહેમત ઉઠાવી હતી. સેવામંડળના સ્ટાફના દીપકભાઈ સોની, રમેશભાઈ ઓધવાણી અને શ્રીમતી રેખાબેન સોની કેમ્પમાં સહયોગી રહ્યા હતાં.

# પોલીસ વિભાગમાં લોકરક્ષકની ભરતી આવકારદાયક પગલું

ભુજ,તા.૧

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા, પોલીસ વિભાગમાં કાયદો અને વ્યવસ્થા મજબૂત બનાવવા માટે,3000 લોકરક્ષક પોલીસ સંવર્ગ ની ભરતી માટે નજીકના સમયમાં ઓનલાઇન અરજી કરવાની તેમજ ફોર્મ ભરવા માટે જાહેરાત કરવામાં આવશે, અને સને 2027 માં શારિરીક કસોટી, તેમજ લેખિત પરિક્ષા લેવામાં આવશે, ગુજરાત સરકાર દ્વારા સરાહનીય આવકારદાયક કદમ છે. તેમજ પોલીસ વિભાગમાં જોડાવા માંગતા ઉમેદવારો માટે યુવાનો માટે તક મળશે, તેમજ ગુજરાત સરકાર દ્વારા, પોલીસ વિભાગમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જગ્યાઓ ખાલી ન રહે તે માટે, આવકારદાયક કદમ છે તેવું હરિદાનભાઇ ગઢવીએ જણાવ્યું હતું.

નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિત્તે આયોજિત

# જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં આર.ડી. વરસાણી કુમાર વિદ્યાલયની ટીમ વિજેતા

ભુજ,તા.૧

નેશનલ સ્પોર્ટ્સ ડે (રાષ્ટ્રીય ખેલ દિવસ) નિમિત્તે ક્રીડા ભારતી - કચ્છ પ્રદેશ દ્વારા કચ્છ જિલ્લા કક્ષાની 'સબ જુનિયર કબડ્ડી સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કચ્છ જિલ્લાના કુલ સાત તાલુકાઓની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સ્પર્ધામાં માતૃશ્રી આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલયની ટીમના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમત અને કૌશલ્યનું પ્રદર્શન કરી પ્રથમ સ્થાન મેળવી વિજયપદ પ્રાપ્ત કર્યું હતું. વિજેતા બનેલી ટીમને પ્રોત્સાહિત કરવાના હેતુસર રૂ.૧૧,૦૦૦/-(અગિયાર હજાર પૂરા)નો રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.




શાળાની આ સિદ્ધિ બદલ શ્રી કચ્છી લેવા પટેલ સમાજ-ભુજના પ્રમુખશ્રી વેલજીભાઈ રામજી પિંડોરિયા, એજ્યુકેશન મેડિકલ ટ્રસ્ટના પ્રમુખશ્રી ગોપાલભાઈ માવજી ગોરસિયા, શાળાના રમત ગમત સંચાલક રામજીભાઈ સેંઘાણી તથા સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી, કોચશ્રીઓ તેમજ શિક્ષકગણે વિજેતા ખેલાડીઓને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

# સામખીયારીમાં HIV, TB, હિપેટાઈટિસ અને લેપ્રસી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ભુજ,તા.૧

સામખીયારીની પી.બી. છાડવા હાઇસ્કૂલ ખાતે રાષ્ટ્રીય AIDS અને STD નિયંત્રણ કાર્યક્રમ (NACP) અંતર્ગત સઘન IEC અભિયાન-3.0 હેઠળ HIV/AIDS, ટીબી, હિપેટાઇટિસ, લેપ્રસી સહિતના ચેપી રોગો અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશ ભંડેરી , જિલ્લા TB-HIV અધિકારી ડો. મનોજ દવે તથા ભચાઉ તાલુકા હેલ્થ ઓફિસર ડો. નારાયણ સિંઘ સાહેબના માર્ગદર્શન હેઠળ અને સામખીયારી મેડિકલ ઓફિસર ડો. સીમા ચૌધરીના દિશાનિર્દેશનમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પી.એચ.સી. સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને HIV/AIDS, STI, ટીબી,




હિપેટાઇટિસ અને લેપ્રસી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિવિધ રોગોના કારણો, સંક્રમણના માર્ગો, મુખ્ય લક્ષણો, બચાવના ઉપાયો, સમયસર તપાસ અને યોગ્ય સારવાર અંગે વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક માહિતી આપવામાં આવી હતી. HIV/AIDS અંગે સંક્રમણના માર્ગો, બચાવના ઉપાયો, સમયસર HIV ટેસ્ટિંગ, ART સારવાર તેમજ HIV સાથે જીવતા લોકો પ્રત્યે ભેદભાવ અને કલંક દૂર કરવા અંગે પણ સમજ આપવામાં આવી હતી.

સાથે જ ટીબી અને લેપ્રસીના લક્ષણો, સમયસર તપાસ અને નિયમિત સારવારના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત પાણીજન્ય અને વાહકજન્ય રોગો તથા તેમના અટકાયતી પગલાં અંગે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા રોગો અને તેના નિવારણ અંગે પૂછવામાં આવેલા વિવિધ પ્રશ્નોના આરોગ્યકર્મીઓ દ્વારા સંતોષકારક અને વૈજ્ઞાનિક રીતે જવાબ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનો સુધી HIV, STI, TB, હિપેટાઇટિસ તથા રક્તદાન અંગે સાચી અને વૈજ્ઞાનિક માહિતી પહોંચાડવા, ગેરમાન્યતાઓ દૂર કરવા, સમયસર તપાસ અને સારવાર માટે પ્રેરિત કરવા તથા સ્વસ્થ જીવનશૈલી અંગે જાગૃતિ વધારવાનો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે પી.બી. છાડવા હાઇસ્કૂલના પ્રિન્સિપાલ જ્યોતિબેન પરમાર તથા સમગ્ર શાળા સ્ટાફ દ્વારા સક્રિય સહયોગ આપવામાં આવ્યો હતો.

## સિને સૃષ્ટિ



# ઘાતક ઘુસકે મારેગામાં સની દેઓલ કરશે ભરપૂર એક્શન

સની દેઓલ અને રાજકુમાર સંતોષી ફરી એક વાર 'ઘાતક ઘુસકે મારેગા' માટે સાથે આવી રહ્યા છે. ફિલ્મનું નામ ૧૯૯૬ની 'ઘાતક'ની યાદ અપાવે છે, પરંતુ ડિરેક્ટરે સ્પષ્ટ કર્યું છે કે આ સીક્વલ નથી, જોકે સની એ જ બનારસના પાત્રમાં જોવા મળશે.

સની દેઓલ અને રાજકુમાર સંતોષીએ તાજેતરમાં ફિલ્મ 'બટવારા 1947'માં સાથે કામ કર્યું હતું. જોકે આ ફિલ્મ બૉક્સ-ઑફિસ પર ખાસ કમાલ કરી શકી નહોતી. હવે આ જોડી 'ઘાતક ઘુસકે મારેગા' નામની ફિલ્મમાં સાથે કામ કરી રહી છે. આ ફિલ્મનું નામ સાંભળીને ૧૯૯૬ની સુપરહિટ ફિલ્મ 'ઘાતક'ની યાદ જરૂર આવે છે, પણ ડિરેક્ટર રાજકુમાર સંતોષીએ સ્પષ્ટ કર્યું છે કે આ ફિલ્મ એની સીક્વલ નથી.

'ઘાતક ઘુસકે મારેગા' વિશે વાત કરતાં રાજકુમાર સંતોષીએ કહ્યું હતું કે 'સની અને હું અનેક વાર્તાઓ પર કામ કરી રહ્યા છીએ અને ટૂંક સમયમાં એની સત્તાવાર જાહેરાત કરીશું. 'ઘાતક ઘુસકે મારેગા'માં સની ભરપૂર ઍક્શન કરતો જોવા મળશે. આ સીક્વલ નથી, પણ એમાં એ જ પાત્ર જોવા મળશે જે બનારસનું છે. સનીના ચાહકો માટે આ ફિલ્મમાં જબરદસ્ત ઍક્શન, દમદાર ડાયલૉગ્સ અને ઊંડી લાગણીઓનું મિશ્રણ હશે.'





# રામાયણમાં રાજા જનક બનશે ટીવી-ઍક્ટર રાજીવ કુમાર

રણબીર કપૂરની 'રામાયણ'માં સીતાના પિતા રાજા જનકના પાત્ર માટે જાણીતા ટીવી-ઍક્ટર રાજીવ કુમારની પસંદગી કરવામાં આવી છે. રાજીવ કુમાર 'ક્રાઇમ પેટ્રોલ' સહિત અનેક ટીવી શો અને ફિલ્મોમાં કામ કરી ચૂક્યા છે.

દિવાળીએ રિલીઝ થઈ રહેલી રણબીર કપૂરની આગામી ફિલ્મ 'રામાયણ' ભારતીય સિનેમાના ઇતિહાસની સૌથી ભવ્ય અને સૌથી મોંઘી ફિલ્મોમાં સામેલ છે. ફિલ્મની લગભગ સમગ્ર સ્ટારકાસ્ટ સામે આવી ચૂકી છે, પણ કેટલાંક પાત્રોને લઈને ચાહકોમાં હજુ પણ ઉત્સુકતા હતી. હવે મળેલી માહિતી પ્રમાણે 'રામાયણ'માં સીતા માતાના પિતા રાજા જનકના પાત્ર માટે

ટીવી-ઍક્ટર રાજીવ કુમારની પસંદગી કરવામાં આવી છે.

રાજીવ કુમાર ટીવી અને ફિલ્મ બન્ને ક્ષેત્રે જાણીતું નામ છે. તે 'કભી કભી ઇત્તફાક સે' અને 'ક્રાઇમ પૅટ્રોલ' જેવા લોકપ્રિય શોમાં કામ કરી ચૂક્યો છે. આ ઉપરાંત તેણે 'સંજુ', 'આર્ટિકલ 370', 'લક્ષ્ય', 'ભુજ : ધ પ્રાઇડ ઑફ ઇન્ડિયા' અને 'થલાઇવી' જેવી ફિલ્મોમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે.

# સૌથી સુંદર યાદ અમિતાભ બચ્ચન સર સાથે કામ કરવાની છે



સત્યાગ્રહને ૧૩ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે અમૃતા રાવે બિગ બી સાથે કામ કરવાનો અનુભવ યાદ કર્યોરવિવારે 'સત્યાગ્રહ'ની રિલીઝને ૧૩ વર્ષ પૂર્ણ થયાં હતાં. આ ખાસ અવસર પર અમૃતા રાવે સોશ્યલ મીડિયા પર ફિલ્મનાં કેટલાંક યાદગાર દૃશ્યોનો વિડિયો મૉન્ટાજ શૅર કર્યો. આ વિડિયોમાં તે અમિતાભ બચ્ચન સાથે જોવા મળી રહી છે.

વિડિયો શૅર કરતાં અમૃતા રાવે લખ્યું હતું કે 'આજે સત્યાગ્રહની વર્ષગાંઠ છે... સુંદર યાદો. સૌથી સુંદર યાદ અમિતાભ બચ્ચન સર સાથે કામ કરવાની છે.' પ્રકાશ ઝાના ડિરેક્શનમાં બનેલી 'સત્યાગ્રહ'માં અમિતાભ ઉપરાંત અજય દેવગન, કરીના કપૂર, અર્જુન રામપાલ, અમૃતા રાવ અને મનોજ બાજપેયી મહત્ત્વની ભૂમિકામાં જોવા મળ્યાં હતાં. આ ફિલ્મ ભારતમાં ૨૦૧૩ની ૩૦ ઑગસ્ટે

# ત્રણ કલાકથી વધુ લાંબી મિર્ઝાપુર ધ મૂવીને મળ્યું A સર્ટિફિકેટ

'મિર્ઝાપુર : ધ મૂવી'ને CBFC તરફથી 'A' સર્ટિફિકેટ મળ્યું છે, એટલે ૧૮ વર્ષથી વધુ ઉંમરના દર્શકો જ ફિલ્મ જોઈ શકશે. ફિલ્મનો રનટાઇમ લગભગ ૩ કલાક અને ૧૭ મિનિટનો હોવાનું સામે આવ્યું છે.




ચોથી સપ્ટેમ્બરે રિલીઝ થનારી 'મિર્ઝાપુર : ધ મૂવી'ને લઈને ફૅન્સ લાંબા સમયથી ઉત્સાહિત છે, કારણ કે વેબ-સિરીઝ બાદ હવે મિર્ઝાપુરની વાર્તા મોટા પડદા પર જોવા મળશે. હવે સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા ફિલ્મને 'A' સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે જેના કારણે ૧૮ વર્ષ કે એથી વધુ ઉંમરના દર્શકો જ આ ફિલ્મ થિયેટરોમાં જોઈ શકશે. આ સિવાય મળતી માહિતી પ્રમાણે 'મિર્ઝાપુર : ધ મૂવી' ૧૯૭.૧૯ મિનિટ એટલે કે લગભગ ૩ કલાક અને ૧૭ મિનિટ લાંબી હશે.

ફિલ્મમાં પણ અલી ફઝલ ગુડ્ડુ પંડિતના પાત્રમાં જોવા મળશે અને પંકજ ત્રિપાઠી કાલીન ભૈયાની ભૂમિકામાં હશે. આ ઉપરાંત ફિલ્મમાં જિતેન્દ્ર કુમાર પણ જોડાયો છે અને તે બબલુ ભૈયાના પાત્રમાં જોવા મળશે.



હિતેશ રૂપારેલ
મો. ૯૯૭૯૩ ૨૭૦૦૫
ગાંધીધામ-આદિપુર વિસ્તારમાં મકાન, દુકાન, ઓફિસ, પ્લોટ, ગોડાઉન લે-વેચ તથા ભાડે મેળવવા માટે સંપર્ક કરો.
ઓફિસ દુકાન નં. ૨, પ્લોટ નં. ૩૦૬, ૧૨/બી હરિકૃપા કોમ્પ્લેક્ષ, સોની સમાજવાડી સામે, ગાંધીધામ-કચ્છ.
શ્રીજી એસ્ટેટ એજન્સી



કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક
વાવડ
તંત્રી : રામ કરશનદાસ ઠક્કર • કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર





તમામ પ્રકારની રિવોલ્વીંગ ચેરના સમારકામ માટે ભરોસાપાત્ર સ્થળ...
એચ.આર. ફર્નિચર માર્ટ
પાંજરાપોળ શેરીની સામે વાણિયાવાડ રોડ, ભુજ-કચ્છ.
સુનિલ પરમાર મો. ૮૪૬૯૬ ૮૦૬૪૯









તસવીર: ભરત ઠાકોર

# ગાંધીધામના કીડાણા અર્બન ફોરેસ્ટ ખાતે ૭૭મા વન મહોત્સવની ભવ્ય ઉજવણી : ૩૧ હેક્ટરમાં ૧૮,૫૦૦ વૃક્ષોનું વાવેતર કરાયું

ભુજ તા. ૧

ગાંધીધામના કીડાણા ગામ ખાતે વન વિભાગ દ્વારા કરવામાં આવેલ અર્બન ફોરેસ્ટ વાવેતર માં સામાજિક વનીકરણ રેન્જ – અંજાર દ્વારા ૭૭ માં મહાનગરપાલિકા કક્ષાના વન મહોત્સવની ભવ્ય ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે સાંસદ શ્રી વિનોદભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે, આ મહાનગરપાલિકા કક્ષાના વન મહોત્સવ ના આયોજન થી નગરિકોમાં પર્યાવરણ ક્ષેત્રે વિશેષ જાગૃતિ આવશે તેમજ આ કેમ્પસમાં વન વિભાગ દ્વારા ૧૮૫૦૦ જેટલા વૃક્ષો નું વાવેતર કરેલ છે. જે ગાંધીધામ શહેરની તેમજ આજુબાજુના ગામના લોકોને પ્રવેશ આપી આ નગર નંદન વન ને એક પર્યટન સ્થળ તરીકે વન વિભાગ તેમજ મહાનગરપાલિકાના સંકલન થી વધુ સારું બનાવવાની પ્રેરણા આપી. ત્યાર બાદ શ્રીમતી માલતીબેન મહેશ્વરી, MLA ગાંધીધામ દ્વારા મહાનગરપાલિકા કક્ષાના વન મહોત્સવની ઉજવણીને એક પેડ માં કે નામ અભિયાન વધુમાં



વધુ લોકો સુધી પહોંચે અને દરેક વ્યક્તિ એક પેડ માં કે નામનું વૃક્ષા રોપણ કરે તેવી અપીલ કરવામાં આવી હતી. તેમજ આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને શ્રીમતી દિવ્યાબેન નાથાણી, મેયરશ્રી મહાનગરપાલિકા – ગાંધીધામ દ્વારા કચ્છ સામાજિક વનીકરણ વિભાગ દ્વારા આ વર્ષે પર્યાવરણ જતન અને હરિયાળી ક્રાંતિ માટે ખુબ જ પ્રશંસનીય અને વિસ્તૃત લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે. ગાંધીધામને એક સ્વચ્છ, સુંદર અને ગ્રીન મહાનગર બનાવવું એ આપણી સહિયારી પ્રાથમિકતા છે. ચાલો, આજના દિવસે આપણે સૌ સંકલ્પ કરીએ કે 'એક વૃક્ષ વાવીએ, તેને ઉછેરીએ અને વસુધરાનું ઋણ ચૂકવીએ તદ ઉપરાંત વન વિભાગ ના શ્રી નેવીલ ચૌધરી- નાયબ વન સંરક્ષક દ્વારા જણાવ્યું હતું કે, વન આપણાં જીવનનું અભિન્ન અંગ છે. આપણે શ્વાસ લેવા હોય, પાણી પીવું હોય, કે ધરતીની સજીવતા જાળવવી હોય દરેક બાબતમાં વૃક્ષોનું મહત્વ અતિ પ્રમુખ છે. આજે જે પડકારોનો આપણે સામનો કરી રહ્યા છીએ, જેમ કે ગ્લોબલ વોર્મીંગની અસર, પાણીની અછત, અને પ્રદૂષણ, તેનો એકમાત્ર ઉપાય છે વૃક્ષારોપણ અને વન સંવર્ધન. કચ્છના સુકા પ્રદેશમાં, જ્યાં પાણીના એક ટીપા માટે પણ સંઘર્ષ કરવો પડે છે, ત્યાં હરિયાળું પર્યાવરણ જાળવવું બહુ મોટો પડકાર છે. પરંતુ આપણાં સંકલ્પ, સહકાર અને સંયુક્ત પ્રયાસો વડે આ અશક્ય લાગતી કામગીરીને શક્ય બનાવી શકીએ છીએ. હાલ વન વિભાગ તરફથી "એક પેડ માં કે નામ ૩.૦" અભિયાત કાર્યરત છે. તેમજ આ સ્થળ પર એકત્રિત થયેલ છીએ તે સ્થળે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કુલ્લ ૩૧ હેક્ટર માં કુલ્લ ૧૮૫૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ હતું. તેમજ નમોવન વડ વાવેતર તથા હરિત વસુંધરા યોજના હેઠળ મિયાવકી પદ્ધતિથી વાવેતર કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે સામાજિક વનીકરણ વિભાગ – કચ્છ દ્વારા કુલ્લ ૨૨ વન કવચ નું વાવેતર કરેલ છે. જેમાં ૨,૨૦,૦૦૦ વૃક્ષોનું વાવેતર મીયાવાંકી પદ્ધતિથી કરેલ છે. તેમજ સ્થાનિક વૃક્ષોની જાતોને વાવીને જતન કરવા માટે સામાજિક વનીકરણ વિભાગ મક્કમતા થી કામગીરી કરી રહ્યો છે. ગાંધીધામ મહાનગરપાલિકા કક્ષાના વન મહોત્સવની ઉજવણી શ્રીમતી દિવ્યાબેન નાથાણી- મેયર ગાંધીધામ મહાનગરપાલિકાના અધ્યક્ષ સ્થાને થયેલ જેમાં હાજર રહેલ મહાનુભવો શ્રી વિનોદભાઈ ચાવડા- એમ.પી.કચ્છ, મોરબી, શ્રીમતી માલતીબેન એન. મહેશ્વરી- ધારાસભ્ય, ગાંધીધામ મતવિસ્તાર, શ્રી બી.ડી.દવેરા- કમિશનરશ્રી, ગાંધીધામ મહાનગરપાલિકા, શ્રી નેવીલ ચૌધરી સાહેબ- નાયબ વન સંરક્ષક, બન્ની ગ્રાસ લેન્ડ વિભાગ- ભુજ, શ્રી પી. એન. વાઘેલા સાહેબ- મદદનીશ વન સંરક્ષક - વિસ્તરણ વન વિભાગ ભુજ- કચ્છ, તેમજ મહાનરપાલિકાન અધિકારીઓ તથા પદઅધિકારીઓ, ફોરેસ્ટ સ્ટાફ તેમજ કીડાણા ગ્રામ જનો અને આગેવાનો હાજર રહેલ.



તસવીર: ભરત ઠાકોર

# અંજારના અજાપર તમંચાની અણીએ લૂંટ ચલાવનાર આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ

## LCB અને અંજાર પોલીસ દ્વારા ૩ આરોપીઓ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ તા. ૧

અંજારના અજાપર સીમ વિસ્તારમાં તમંચો બતાવી ફાયરિંગ કરી ખેડૂત પાસેથી સોનાની ચેનની લૂંટ ચલાવનારી આંતરરાજ્ય ટોળકીનો પોલીસે પર્દાફાશ કર્યો હતો. જેના મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી. અંજાર વરસામેડીના શાંતિધામ વિસ્તારમાં રહેનાર ખેડૂત એવા ધનજી રામજી ખાટરિયા (આહીર) પોતાની દીકરીને અંજાર ખાતે હોસ્પિટલમાં મૂકીને પોતાના મિત્રને મળવા જઈ રહ્યા હતા, ત્યારે અજાપર પાટિયા નજીક પહોંચતા પાછળથી બાઈકમાં આવેલા ત્રણ શખ્સોએ ફાયરિંગ કરી સોનાની ચેન રૂા. ૯૦,૦૦૦ની લૂંટ કરી હતી તથા વીંટી લૂંટવા જતાં પ્રતિકાર બાદ ફરીથી આ શખ્સોએ ફાયરિંગ કર્યું હતું અને નાસી ગયા હતા. ઘવાયેલા યુવાનને સારવાર અર્થે લઈ જવાયો હતો. પોલીસે આ પ્રકરણમાં કમર કસી અંજાર શહેર તથા આસપાસ લાગેલા સી.સી.ટી.વી.ના ફૂટેજ તપાસ્યા હતા. જેમાં અગાઉ અનેક ગુનામાં આવી ગયેલો અશોક ઉર્ફે આર્યન રમેશ પ્રજાપતિ નામનો શખ્સ જણાયો હતો. તેને પકડી પાડી તેની વધુ પૂછપરછ હાથ ધરાઈ હતી, જેમાં પાંચ જણ ગ્વાલિયર એમ.પી.થી અર્ટિગા લઈને કચ્છમાં લૂંટ કરવાના ઈરાદાથી આવ્યા હતા અને પોતે તથા દીપક કુશ્વાહ, શિવ મેઘપર-કુંભારડીમાં ભાડેથી મકાન રાખી ત્યાં રોકાયા હતા. આદિપુરમાંથી બાઈકની ચોરી કરી લૂંટ કરવા વરસાણા રોડ પર રેકી કરતા હતા, દરમ્યાન ધનજીભાઈને ચેન, વીંટી પહેરેલ જોઈ જતાં તેની પાછળ જઈ અને એકલતાનો લાભ લઈ સોનાની ચેનની લૂંટ કરી નાસી ગયા હતા. આ પ્રકરણમાં પોલીસે અશોક સાથે અમિત મુનીલાલ જાટવ, જગદીશ ઉર્ફે ગોલુ, વિનોદકુમાર જાટવને પકડી પાડયા હતા જ્યારે દીપક કુશ્વાહ અને શિવને પકડી પાડવા આગળની તપાસ હાથ ધરી છે. પકડાયેલા શખ્સો પાસેથી રોકડ રૂા. ૭૦૦૦, બે ફોન, અર્ટિગા ગાડી જપ્ત કરાઈ છે. પકડાયેલા અશોક સામે અગાઉ પૂર્વ કચ્છમાં ચોરી, આર્મ્સ એકટના ગુના નોંધાયેલા છે. આ કામગીરીમાં પી.આઈ. એચ.એમ. જાડેજા, જે.એમ. વાળા, પી.એસ.આઈ. એસ.જી. વાપી, ડી.જી. પટેલ તથા ટીમો જોડાઈ હતી.

# બાલાસર ખીમાણીવાસમાં પોલીસનો દરોડો: ૧.૯૫ લાખનો માદક પદાર્થ જપ્ત

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ તા. ૧

રાપર તાલુકાના છેવાડાના એવા બાલાસર ખીમાણીવાસમાં એક મકાનમાં સ્થાનિક પોલીસે છાપો મારી રૂા.૧,૯૫,૭૯૦નો માદક પદાર્થ સાથે શખ્સને પકડી પાડયો હતો. તેમજ એક શખ્સનું નામ બહાર આવ્યું હતું. બાલાસરના ખીમાણીવાસમાં રહેનાર કાના હકીરા ચવાણ (રજપૂત) તથા તેનો ભાઈ દેવા હીરા ચવાણ (રજપૂત) નામના શખ્સો માદક પદાર્થ પોષડેડા, અફીણ વેંચાતા હોવાની પૂર્વ




બાતમીના આધારે સ્થાનિક પોલીસે કાર્યવાહી કરી હતી. કાના રજપૂતના કબ્જાના મકાનમાં પહોંચી પોલીસે તેને સાથે રાખી ઘરની તલાશી લીધી હતી. ઘરમાં નીચે પડેલી ટ્રંક (પેટી)માં મળેલા બાચકામાંથી માદક પદાર્થો મળી આવ્યા હતા. આ પદાર્થો પૈકી ચીકાશ પડતો કથ્થાઈ રંગનો પદાર્થ અફીણ તથા સુકાયેલા ડોડા પોષડેડા હોવાનું આ શખ્સે જણાવ્યું હતું. પોલીસે એફએસએલ અધિકારી પાસેથી ખરાઈ કરાવતા આ પદાર્થો અફિણ અને પોષડેડા જ હોવાનું બહાર આવ્યું હતું.

આ શખ્સના કબ્જામાંથી રૂા.૧,૭૩,૫૦૦નું ૩૭૪ ગ્રામ અફિણ તથા રૂા.૨૨,૨૯૦ના ૧ કિલો ૪૮૬ ગ્રામ પોષડેડા એમ કુલ રૂા.૧,૯૫,૭૯૦નો માદક પદાર્થ તથા વજનકાંટો વગેરે જપ્ત કરાયું હતું. આ નશિલા પદાર્થો દેવા હીરા ચવાણ ખરીદીને લાવ્યો હતો અને તેજ ગ્રાહકોને વેંચતો હોવાનું પણ બહાર આવ્યું હતું. હાથમાં ન આવેલા આ શખ્સને પકડી પાડવા આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

# ગાંધીધામ : યુવતીની હત્યા કરી ફરાર થયેલો શખ્સ મધ્યપ્રદેશથી ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ તા. ૧

ગાંધીધામ શહેરના ભારતનગર નજીક જનતા કોલોની સોનલનગર વિસ્તારમાં ઘરમાંથી મળેલી મિનાક્ષી પરિહાર નામની યુવતીની હત્યા પ્રકરણે પોલીસે આરોપીને પકડી પાડયો હતે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રહીને ખાનગી નોકરી કરતી મિનાક્ષી નામની મધ્યપ્રદેશની



યુવતીની લાશ મળી આવી હતી. શંકાસ્પદ મોતના આ બનાવમાં તેની હત્યા કરાઈ હોવાનું બહાર આવતા તેના પિતા લાલસિંહએ ગૌરવ નામના શખ્સ સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ પ્રકરણની તપાસ કરતી પોલીસે યુવતી સાથે રહેતા મૂળ મધ્યપ્રદેશના ગૌરવ ખ્યાલસિંઘ પટલેને મધ્યપ્રદેશથી પકડી પાડયો હતો.

આ શખ્સ પોતાની પ્રેમિકાના ચારિત્ર્ય ઉપર શંકા રાખી પટ્ટા વડે ગળુ દબાવી ગંભીર ઈજાઓ પહોંચાડી તેની હત્યા કરી હતી અને બાદમાં તે ત્યાંથી નાસી છુટયો હતો આ શખ્સને રીમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરવા આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

# અતિવ્યસ્ત જીવનશૈલી વચ્ચે તહેવારો અને ધાર્મિક પરંપરા મેડિકલ થેરાપી સમાન

## ગેઈમ્સના મનોચિકિત્સકોએ મનને તરોતાઝા રાખવા ધાર્મિક ઉત્સવને ગણાવ્યા કુદરતી ડોપામાઈન ડોઝ

ભુજ તા. ૧

તહેવાર આપણા લોકજીવનનો મહત્વનો હિસ્સો છે. ચોક્કસ સમયાંતરે આવતા તહેવારો કોઈને કોઈ ધાર્મિક સંદેશો લાવે છે એ સનાતન સત્ય છે. લોકજીવનને સાર્થક કરતી આ ધાર્મિક અને ઉત્સવ પરંપરામાં મેડિકલ વિજ્ઞાન પણ છુપાયેલું છે, એમ અદાણી સંચાલિત ગેઈમ્સ જી.કે.જનરલ હોસ્પિટલના મનોચિકિત્સકોએ જણાવ્યું હતું.

હોસ્પિટલના મનોચિકિત્સક ડો.રિદ્ધિ ઠક્કરે કહ્યું કે, ઉત્સવ સદીઓ પૂર્વે જેટલા આવશ્યક હતા એથી યે વિશેષ આજે તેનું મહત્વ ખૂબ જ વધી ગયું છે, કારણ કે માનવીની લાઈફ સ્ટાઈલ આજે દોડધામ, તણાવ અને જવાબદારીથી ભરેલી છે, ત્યારે ઉત્સવ એ ધાર્મિક અને સામાજિક પરંપરા સાથે કુદરતી મેડિકલ થેરાપી પણ છે. જેમ શરીરને સ્વસ્થ રાખવા અનેક ઉપાયો કરવા પડે છે, તેમ મનને નિરોગી રાખવા ઉત્સવની પણ જરૂર પડે છે. એ સત્ય આપણા પૂર્વજો પહેલીથી જ સમજી ગયા હતા.

મનો ચિકિત્સકોનું માનવું છે કે, ઉત્સવ એ મગજ માટે ડોપામાઈન અને સેરોટોનિનનો કુદરતી ડોઝ છે. ઉત્સવ વખતે આપણે એકબીજાને મળીએ ત્યારે મગજમાંથી ખુશીના હોર્મોન્સ રિલીઝ થાય છે જે એન્ટી ડિપ્રેસન્ટ દવાની ગરજ સારે છે.

ઉત્સવ એક ઈમ્યુનિટી બૂસ્ટર:

જેમ ઉપવાસથી શરીરમાં રહેલું ઝેર નીકળી જાય છે અને શરીરને સ્વચ્છ બનાવે છે, તેમ ઉત્સવ મનને સ્વચ્છ બનાવે છે. ઉત્સવને ઈમ્યુનીટી બૂસ્ટર પણ માનવામાં આવે છે. એકલતા આજના સમયની સૌથી મોટી બીમારી છે. ઉત્સવ આપણને પરિવાર અને સમાજ સાથે જોડે છે. આ સામાજિક જોડાણ જ આપણી માનસિક રોગ પ્રતિકારક શક્તિ વધારે છે, એમ મનોચિકિત્સક ડો. નીરવ ચાનપાએ કહ્યું હતું.

ચોમાસામાં બીમારીઓનું પ્રમાણ અન્ય ઋતુઓ કરતાં વધુ જોવા મળે છે, ત્યારે માનવીને એક પ્રકારની ઉદાસીનતા કોરી ખાય છે. એટલે આ સમયે જ ભારત વર્ષના ઋષિ મુનિઓએ સૌથી વધુ ઉત્સવો મૂક્યા, જેથી માણસ ઘરમાં જ બેસી ન રહે અને લોકો વચ્ચે હરે ફરે, જેથી મનની નિરાશા દૂર થાય

શંખનાદ-ઘંટનાદ એ પ્રકૃતિદત્ત સાઉન્ડ થેરાપી:

શ્રાવણ માસમાં આખો મહિનો કે ઓમવારે ઉપવાસ - એકટાણા કરવામાં આવે છે. મેડિકલ સાયન્સ તેને ઈન્ટરમિટન્ટ ફાસ્ટિંગ કહે છે, જે પાચનતંત્રને આરામ આપે છે. ધાર્મિક તહેવારોમાં શિવાલયમાં શંખનાદ, ઘંટનાદ એ પણ એક પ્રકૃતિદત્ત સાઉન્ડ થેરાપી છે. જે મનની બેચેની ઘટાડે છે જેમ શરીરને સાજુ રાખવા ઉપાયો કરાય છે તેમ મનને જીવંત રાખવા ઉત્સવ પણ એટલા જ જરૂર છે.

પ્રકૃતિની મેડિકલ ડિઝાઈન:

શ્રાવણ માસ આમેય ઉત્સવોનો માસ ગણાય છે. સમગ્ર માસ દરમિયાન કોઈને કોઈ ઉત્સવ આવતા રહે છે. આ જ માસમાં એટલા ઉત્સવ એ કંઈ સંયોગ નથી પણ પ્રકૃતિની એક મેડિકલ ડિઝાઈન છે.

# વીજચોરી કેસમાં ૨ વર્ષની જેલ અને ૧૫.૮૧ લાખનો દંડ

ભુજ તા. ૧

ભચાઉ તાલુકાના વાંઢિયા ગામ નજીક આવેલી હોટલમાં વીજ મીટરમાં છેડછાડ કરી લાખો રૂપિયાની વીજચોરી કરવાના ચર્ચિત કેસમાં કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી બે વર્ષની કેદનો ચુકાદો આપ્યો હતો. ભચાઉ તાલુકાના વાંઢિયા ગામ નજીક અજંટા હોટલ ધરાવતા હાજી સિદીક સુલેમાન ત્રાયા નામના પીજીવીએલના કાયદેસરના ગ્રાહકે પોતાની હોટલમાં આવેલા થ્રી ફેઝ વીજ મીટરમાં છેડછાડ કરી હતી. મીટરમાં રીડિંગ ન નોંધાય તેવી કાયમી વ્યવસ્થા કરી આરોપી વીજચોરી કરતા પકડાયો હતો. આ અંગે યુ.જી.વી.એસ.એલ. પોલીસ મથકે ધી ઈલેક્ટ્રિસિટી એક્ટની કલમો તળે ગુનો નોંધાયો હતો. વીજ કંપની દ્વારા આરોપીને વીજચોરીના રૂા. ૧૩,૮૩,૩૯૪ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂા. ૨,૦૫,૦૦૦ જાહેર કર્યા હતા. જે અંગે આરોપીએ રૂા. ૧૩,૮૩,૪૦૦ ભરપાઇ કરી હતી પરંતુ સરકારી નાણાં રૂા. ૨,૦૫,૦૦૦ ભરવાની ના પાડી હતી. આ કેસ ભચાઉ વિશેષ ઈલેક્ટ્રોસિટી જજ એવા બી. એલ. ચોઈથાપરી સમક્ષ ચાલ્યો હતો જેમાં ૮ સાહેદોને તપાસાયા હતા તથા ૧૫ જેટલા દસ્તાવેજી આધારો રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટમાં સરકાર પક્ષ મદદનીશ સરકારી વકીલ મહેન્દ્રસિંહ આર. જાડેજા હાજર રહી ધારદાર દલીલો, પૂરતા પુરાવા રજૂ કરી કડક સજા થાય તેવી રજૂઆત કરી હતી. બંને પક્ષોની દલીલો બાદ આરોપીને તકસીરવાન ઠેરવી બે વર્ષની સજા તથા રૂા. ૧૫,૮૧,૩૯૮નો દંડ અને દંડની રકમ ન ભરે તો વધુ બે વર્ષની સજાનો ચુકાદો આપવામાં આવ્યો હતો

# મુંદરામાં જુગાર પર દરોડો : ૧.૧૨ લાખના મુદ્દામાલ સાથે ૯ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ તા. ૧

પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ મુંદરામાં એક જુગારધામ પર દરોડો પાડી નવ શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે રોકડ સહિત કુલ ?૧.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. LCB ટીમને મુંદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ખાનગી બાતમી મળી હતી. આ બાતમી મુજબ, મુંદરાની અલકનંદા સોસાયટીમાં રહેતો પૂનમચંદ વેલજી માહેશ્વરી પોતાના મકાનમાં બહારથી લોકોને બોલાવી તીનપત્તીનો જુગાર રમાડતો હતો. બાતમીના આધારે, પોલીસે પૂનમચંદ વેલજી માહેશ્વરીના મકાન પર ઓચિંતો દરોડો પાડ્યો હતો. સ્થળ પરથી ગંજીપાના વડે રોકડની હારજીતનો જુગાર રમતા પૂનમચંદ વેલજી માહેશ્વરી, દીપક ખાતુ માહેશ્વરી, કિરણભાઈ ભરતભાઈ પટેલ, વિમલભાઈ મહેશભાઈ પટેલ, મહિપતસિંહ મેહબુભા જાડેજા, નરેશભાઈ વેલજીભાઈ માહેશ્વરી, અરવિંદસિંહ રણવીરસિંહ રાણા, મહિપતસિંહ રણજીતસિંહ સોઢા અને ભાવેશભાઈ દેવજીભાઈ માહેશ્વરી સહિત કુલ નવ શખ્સોને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે જુગારના પટમાંથી રોકડા ૩૨,૪૦૦ અને અન્ય વાહનો સહિત કુલ ૧,૧૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તમામ આરોપીઓ વિરુદ્ધ મુંદરા પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# આખરે શાળાઓમાં ગુણોત્સવ સ્વ મૂલ્યાંકન સમયમર્યાદા વધારાઈ : રાજ્યસંઘની રજૂઆત ફળી

ભુજ તા. ૧

રાજ્યની સરકારી, ખાનગી અને અનુદાનિત શાળાઓમાં ગુણોત્સવ સ્વમૂલ્યાંકન કામગીરી માટેની સમયમર્યાદા જે ૩૧ ઓગસ્ટ હતી તે વધારવા રાજ્યસંઘ દ્વારા અગાઉ રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ છેલ્લી ઘડી સુધી સમયમર્યાદા ન વધારતા રાજ્યસંઘ દ્વારા પુનઃ શિક્ષણ વિભાગ પાસે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી. આખરે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુણોત્સવ સ્વ મૂલ્યાંકનની સમયમર્યાદા જે ૩૧ ઓગસ્ટ હતી તેને વધારીને ૮ સપ્ટેમ્બર કરી દેવામાં આવી છે. જેથી આચાર્યો અને શિક્ષકોમાં રાહતની લાગણી વ્યાપી છે. રાજ્યસંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી જૈમિન પટેલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે હાલમાં ગુણોત્સવ ૨.૦ સ્વમૂલ્યાંકનની કામગીરી રાજ્યના ૫૦% ઉપરાંત જિલ્લાઓમાં થઈ છે. હવે જે કામગીરી બાકી છે એ એવા અંતરિયાળ જિલ્લાઓ અને એવી શાળાઓ છે કે જેની પાસે પૂરતા કોમ્પ્યુટર કે ઈન્ટરનેટની સુવિધા નથી જેના કારણે આ કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે. રાજયના તમામ આચાયશ્રીઓએ શાળામાં પૂરતા કોમ્પ્યુટર કે ઈન્ટરનેટની સુવિધા ન હોવા છતાં ૫૦%થી વધુ કામગીરી કરી છે. હવે બાકી કામગીરી છે તે શાળાઓમાં પૂરતી સુવિધા ન હોય તેવી શાળાઓમાં કામગીરી હાલમાં ચાલી રહી છે. સર્વર ધીમુ ચાલવું, પૂરતી કનેક્ટીવીટીનો અભાવ વિગેરેના કારણે કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે. વધુમાં હાલમાં રાજયના કેટલાક જિલ્લાઓમાં તહેવારોની રજાઓ પણ છે અને આ રજાઓ વચ્ચે પણ શિક્ષકો કામગીરી કરી રહ્યા છે. તો આ બધી બાબતોને ધ્યાને લઈ આ કામગીરી પૂર્ણ કરવા માટે સમયમર્યાદા વધારવા માંગ કરવામાં આવી હતી. વળી, ગુણોત્સવ સ્વમૂલ્યાંકનમાં ફાઈનલ સબમીટ કર્યા પછી પી.ડી.એફ. ડાઉનલોડ કરી શકાય તેવો વિકલ્પ આપવા તેમજ ઘણા શિક્ષકોએ છેલ્લી ઘડીએ ઉતાવળમાં ફાઈનલ સબમિટ આપી દેતાં ક્યાંક ભૂલો થઇ ગઈ હોઇ એમાં સુધારાની તક આપવા પણ રજૂઆત કરવામાં આવી છે.

રાજ્ય સંગઠનની માંગ આગળ આખરે શિક્ષણ વિભાગે નમતું જોખી સર્વરની સમસ્યા, આગામી તહેવારો વગેરેને ધ્યાનમાં લઈ ગુણોત્સવ સ્વ મૂલ્યાંકનની સમયમર્યાદા ૮ સપ્ટેમ્બર સુધી વધારી તેની જાણ તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, શાસનાધિકરીઓ અને તાલીમ ભવનના પ્રચાર્યોને કરી દીધી હોવાનું કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ નયનસિંહ જાડેજા, કેરણા આહિર, હરદેવસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા સહિતનાઓએ જણાવ્યું છે. આ સાથે સમયમર્યાદામાં સ્વ મૂલ્યાંકન ન કરનાર શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવશે તેવી પણ શિક્ષણ વિભાગે ચિમકી આપી છે.